જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

## ઈકો કલબ મોડયુલ વર્ષ –૨૦૧૦ – ૧૧

### ❁ પર્યાવરણ પ્રતિજ્ઞાપત્ર ❁

પ્રાકૃતિક પર્યાવરણ મારો પ્રાણ છે.
વનસ્પતિ, પશુ, પંખી તથા જંતુઓ મારા મિત્રો છે.
હું તેમને ચાહું છું.
તેમનું જતન અને જાળવણી મારી ફરજ છે.
હું સદાય તેમને સમર્પિત રહીશ.
હું તેના પોષણ, રહેઠાણ અને જીવનની નિષ્ઠાપૂર્વક રક્ષા અને જાળવણી કરીશ.
દરેક પ્રાકૃતિક પર્યાવરણ પ્રત્યે સભાનતા દાખવીશ.
હું મારા જીવનમાં એક વૃક્ષ જરૂર ઉછેરીશ.
પ્રાકૃતિક પર્યાવરણની સ્વચ્છતા, સુંદરતા અને વિસ્તાર વધે,
તેમજ તેના થકી આપણાં સહુનું ભવિષ્ય ઉજજવળ બને તેવા પ્રયત્ન કરીશ.
– ભારતમાતા કી જય.
– પ્રકૃતિમાતા કી જય.

http://crc4rmc.blogspot.in/

# —:: અ નુ ક્ર મ ણિ કા ::—


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| 1 | પ્રસ્તાવના | ૨ |
| 2 | વોટસ યોર રાશિ | ૨ થી ૪ |
| 3 | વૃક્ષ મિત્ર સંકલ્પના | ૪ થી ૫ |
| 4 | તરુવર સજે શણગાર | ૫ |
| 5 | વૃક્ષોના વાવેતર અને ઉછરેની નવી પદ્ધતિઓ | ૬ |
| 6 | જયાં જયાં નજર મારી ઠરે | ૭ |
| 7 | વિહગ વિશ્રાંતિ ગૃહ | ૮ થી ૯ |
| 8 | પ્રકૃતિ અન્નપ્રાશન યોજના | ૯ થી ૧૦ |
| 9 | કલિક કરો પ્રર્યાવરણને માણો | ૧૦ થી ૧૩ |
| 10 | ટેરેસ / લોબી ગાર્ડન | ૧૪ |
| 11 | બીયારણ બેંક કે રોપા બેંક | ૧૪ |
| 12 | આરોગ્યવર્ધક શાળા તોરણ | ૧૫ થી ૧૬ |
| 13 | ચાલો, જઈએ પૂર્વ તૈયારી સાથે પ્રવાસમાં | ૧૬ થી ૧૮ |
| 14 | પ્રકૃતિમાનું વૈદૂ | ૧૯ થી ૨૧ |
| 15 | ? (વિચારમાં પડી ગયાને ?) | ૨૧ |
| 16 | ઈકો પ્રોજેક્ટ | ૨૧ થી ૨૫ |
| 17 | ઈકો ક્રીડા | ૨૬ થી ૩૦ |
| 18 | ઈકો નાટકો | ૩૦ થી ૩૮ |
| 19 | ગાઈએ, મધુરા ગીતો | ૩૯ થી ૪૩ |

| | | |
|---|---|---|
| 20 | ઈકો કલબ વાર્ષિક આયોજન | ૪૪ થી ૪૫ |
| 21 | આપણી ઈકો કલબની પ્રવૃતિઓનો ખજાનો | ૪૫ થી ૪૮ |
| 22 | શું તમે જાણો છો ? | ૪૮ થી ૪૯ |
| 23 | સ્વમૂલ્યાંકન પત્રક | ૫૦ થી ૫૧ |
| 24 | જાત સાથેની વાત | ૫૨ |
| 25 | ચાલો, વ્યકત થઈએ | ૫૩ થી ૫૪ |
| 26 | આવો, મળીએ આ મોડયુલના સર્જકોને | ૫૫ થી ૫૭ |
| 27 | ઉપસંહાર | ૫૮ |


## આલેખનના અવસરે .............

'ઈકો કલબ' એ એક એવો શબ્દ છે કે જે પ્રાથમિક શાળાના બાલદેવોથી માંડીને આચાર્યો, સી.આર.સી.સી. તથા બી.આર.સી.સી. ને પ્રકૃતિ વંદના માટે, પર્યાવરણ જતન માટે તેમજ પશુ, પક્ષી અને જીવજંતુ પ્રત્યે દયાભાવના માટે પ્રેરિત કરે છે. આ ઉપરાંત, તમામ માનવીઓના સ્વાસ્થ્યની સુધારણા માટે મદદરૂપ થાય છે

વર્ષ : ૨૦૦૬–૦૭ થી શરૂ થયેલી ઈકો કલબની આ વિકાસયાત્રા વર્ષ ૨૦૧૦–૧૧ સુધીમાં તો વિવિધ ૮૦ જેટલી પ્રવૃત્તિઓને ઓળંગીને ચાલુ વર્ષે ૧૫ નવી પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ લઈને આપની સમક્ષ વિસ્તરણ પામી છે તે કંઈ નાનીસૂની વાત નથી. રૂા. ૬૦૦/– જેવી ટોકન ગ્રાંટથી શરૂ થયેલા આ પ્રોજેક્ટ માટે હવે શાળા અને તેનો સ્ટાફ રૂા. ૬૦૦૦/– ખર્ચતા પણ અચકાતો, નથી. પ્રત્યેક શુભ કાર્ય કરવામાં લોક જાગૃતિ અને લોક સહયોગ અનિવાર્ય હોય છે. જે ડગલેને પગલે ઈકો કલબ ચલાવતી પ્રાથમિક શાળાઓને મળ્યો છે અને હજુ મળવાનો ચાલુ જ છે.

"ચમત્કારો કયારેક થાય છે ખરા, પણ તેને માટે માણસે આકરી મહેનત કરવી પડે છે." એ વિધાન અનુસાર વર્ષ ૨૦૧૦–૧૧ના નવા મોડયુલ માટે શિક્ષકો તજજ્ઞો તથા વર્ગસંચાલકે અથાગ મહેનત કરી છે. મોડયુલના કવર પેજથી માંડીને વિહગ વિશ્રાંતિગૃહ, પેપરલેસ સ્કૂલ, વોટસ યોર રાશિ, પ્રકૃતિ અન્નપ્રાશ યોજના, ઈકો ક્રીડા, પ્રવાસ પર્યટન પ્રકૃતિમાનું વૈદું, વગેરે જેવા અનેક વિચારોને વાચા

આપીને તેમજ તેમને મૌલિકતાપૂર્ણ નામાંકન પ્રદાન કરીને ઈકો કલબને વધુ લોકપ્રિય બનાવવા માટેના પ્રયત્નો તથા મહેનત કરેલ છે. આ મહેનતને આપ સહુ શાળા કક્ષાએ દિપાવશો તેવી આશા છે. રાજકોટ જિલ્લામાં અગાઉના વર્ષોમાં ઈકો કલબ અંતર્ગત થયેલી વિવિધ પ્રવૃત્તિઓની નોંધ રાજયકક્ષાએ પણ લેવામાં આવી છે. જે આપણા સહુ માટે ગૌરવની વાત છે.

તો ચાલો જોઈએ, વાંચીએ, વિચારીએ અને અમલ કરીએ આ નાવીન્યસભર, તરો–તાજા પ્રવૃત્તિઓનો. અલબત્ત નાવિન્ય સભર પ્રવૃત્તિઓનો અમલ જરૂર કરીએ, પરંતુ, જૂની જે પ્રવૃત્તિઓ છે તેને તો અવશ્ય ચાલુ જ રાખીએ. તો જ પ્રકૃતિમાતાનું ઋણ અદા કરી શકાય, બરાબર ને ?

ઉમા તન્ના,
જુ. લેકચરર
ડાયેટ, રાજકોટ

## ❁ પ્રસ્તાવના :

આપણે સહુ જાણીએ છીએ કે ઈકો શબ્દ મૂળ ગ્રીક ભાષાના શબ્દ Oikas પરથી આવેલ છે. જેનો અર્થ પરિવાર એવો થાય છે. હાલ, ઈકોલોજીનો અર્થ સંતુલનશાસ્ત્ર થાય છે. આમ, ઈકો એ પર્યાવરણનો વિશ્વ સાથેનો સંબંધ દર્શાવે છે. પ્રાથમિક શાળાઓમાં ઈકોકલબ ચલાવવા અંગેનો હેતુ ભારતના ભાવિ નાગરિકોમાં પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવવાનો, પર્યાવરણની સુધારણા અને રક્ષણ કરવાનો તેમજ તેમના ઘરના સભ્યો સુધી પ્રકૃતિની સુરક્ષાનો સંદેશ પહોંચાડવાનો છે. એટલા માટે જ, ગુજરાત રાજયની તમામ શાળાઓમાં શાળાના પ્રકૃતિપ્રેમી શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સંગઠન ઈકો કલબ તરીકેની સક્રિય વ્યવસ્થા રૂપે અમલમાં આવ્યું છે.

સમગ્ર ગુજરાતમાં દર વર્ષે સરકારી પ્રાથમિક શાળાઓમાં જી.સી.ઈ.આર.ટી. દ્વારા અપાતી ટોકન સ્વરૂપની ગ્રાંટમાંથી શાળાઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણની અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓમાં રાજકોટ જિલ્લો પોતાની આગવી મૌલિકતા માટે જાણીતો છે. રાજકોટ જિલ્લામાં પ્રતિ વર્ષ ઈકો કલબ માટેના મોડયુલમાં નાવીન્યકરણ થતું રહે છે. વર્ષ ૨૦૧૦–૧૧ ના આ નવા મોડયુલમાં પણ કેટલીક મોલિકતા સભર નામાંકનવાળી પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરવામાં આવી છે. તો ચાલો, તે નવીન પ્રવૃત્તિઓનો આસ્વાદ માણીએ અને એ આસ્વાદને ચોમેર પ્રસરાવીને પ્રકૃતિમાતાનું ઋણ અદા કરવામાં સહભાગી બનીએ.

## ❁ વોટસ યોર રાશિ ?

વૃક્ષ પરમ ઉપકારી જગતમાં વૃક્ષ પરમ ઉપકારી .....

જી, હા વૃક્ષો એ સંતો છે અને માનવજીવન ઉપર તેના અનંત ઉપકારો છે. વૃક્ષો આપણી વિકાસગાથાના મૂક સેવકો છે અને સંસ્કૃતિના આધાર સ્તંભો છે. વૃક્ષો તરફના માન અને આદર સત્કાર એ આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. વૃક્ષોનો મહિમા આપણા શાસ્ત્રો, વેદો, ઉપનિષદોમાં ખૂબ જ ગવાયો છે. અરે, સ્વયં ભગવાન શ્રી કૃષ્ણએ પણ ગીતાજીમાં પોતાનું એક રૂપ વૃક્ષ છે (વૃક્ષમાં પીપળો હું છું) એવું કહયું છે.

વૃક્ષોના આ અનંત ઉપકારોને ધ્યાનમાં રાખીને આપણે વૃક્ષોનું સંવર્ધન અને જતન કરવાનું છે. વૃક્ષોના નિકંદનને રોકી પ્રકૃતિની ગોદને હરી ભરી બનાવીએ. પ્રકૃતિમાતાના પાલવમાં વૃક્ષોનું સંગીત, પક્ષીઓનો કલબલાટ, નદીઓનો નિનાદ અને અનિલનું આવાગમન થઈ શકે તે માટેનો નાનકડો છતાં સાર્થક પ્રયત્ન અને સંકલ્પ કરીએ.

વૃક્ષો એ પૃથ્વીનું ભવિષ્ય છે અને તે પણ ઉજજવળ ભવિષ્ય. પણ, શું આપ જાણો છો આ વૃક્ષો માણસોની રાશિ સાથે જોડાયેલા છે ? હા, વૃક્ષો રાશિને અસર કરે છે અને મનુષ્યના ભવિષ્યને પણ.

તો ચાલો, આપણે જાણીએ કે આપણી રાશિને કયું વૃક્ષ અસર કરે છે...

| ક્રમ | રાશિનું નામ | રાશિનું ચિહ્ન | વૃક્ષનું નામ |
|---|---|---|---|
| ૧ | મેષ |  | ઉમરો, આમળા, ઝેર કોચલું |
| ૨ | વૃષભ |  | ખેર, જાંબુ, ઉમરો |
| ૩ | મિથુન |  | ખેર, અગર, વાંસ |
| ૪ | કર્ક |  | વાંસ, પીપળો, નાગકેસર |
| ૫ | સિંહ |  | વડ, ખાખરો, પીપળી |
| ૬ | કન્યા |  | પીપળી, જુઈ, બીલી |
| ૭ | તુલા |  | બીલી, અર્જુન, સાદડ, નાગકેસર |
| ૮ | વૃશ્ચિક |  | નાગકેસર, સાલ, શીમળો |
| ૯ | ધન |  | ફણસ, નેતર, સાલ |
| ૧૦ | મકર |  | ખીજડો, આકડો, ફણસ |
| ૧૧ | કુંભ |  | આંબો, કદંબ, ખીજડો |
| ૧૨ | મીન |  | મહુડો, લીમડો, આંબો |

રાશિચક્ર ઉપરાંત જન્મના નક્ષત્ર અનુસાર પણ આરાધ્ય વૃક્ષો અંગેનું સંશોધન થયેલું છે. આપણાં પૂર્વજોના મતાનુસાર ગ્રહોની શાંતિ માટે પણ અમુક વૃક્ષો ઘણાં ઉપયોગી છે. કયા વૃક્ષથી શું લાભ થઈ શકે તે માટેની વધુ વિગતો માટે વન વિભાગ, ગુજરાત રાજયનું 'વૃક્ષ ઉપાસના' પુસ્તક વાંચવું જોઈએ.

આપણાં જીવનમાં વૃક્ષોનું મહત્વ જયારે આપણે સમજીએ છીએ ત્યારે વૃક્ષવંદના અંગેના સંસ્કારો બાળકોમાં દ્દઢ કરવા તે પણ એટલું જ જરૂરી છે.આપણાં ભારતીય શાસ્ત્રો, પુરાણો, વેદો અને ઉપનિષદોમાં વૃક્ષોને દેવો સમાન માનવામાં આવતા હોવાથી શાસ્ત્રોકત વિધિથી માનવ તેની પૂજા અર્ચના કરે છે. જે વૃક્ષની પૂજા અર્ચના થતી હોય તે વૃક્ષનું છેદન કરવું એ આપણી સંસ્કૃતિ અનુસાર માનવહત્યા સમાન પાપ ગણાય છે. આ હેતુથી શાળા કક્ષાએ બાળકના જન્મદિનની ઉજવણી નિમિતે

'એક બાળ એક વૃક્ષ' અંતર્ગત બાળક પાસે તેની રાશિ મુજબનું વૃક્ષ રોપાવી એને તે વૃક્ષનો ઉછેર કરાવવો જોઈએ. બાળકે ઉછેરેલા વૃક્ષનું વિધિ વિધાન પૂર્વક પૂજન અર્ચન કરવાથી બાળકો આત્મીયતાથી પોતે વાવેલા વૃક્ષનું જતન કરશે. આ રીતે વન વિહાર કરતી વખતે પણ વૃક્ષદેવતાનું પૂજન કરવાથી મહદઅંશે પર્યાવરણ જાળવી શકાય છે તેમજ વૃક્ષ પ્રેમ વધારી શકાય છે.

એક વાત કહું...?

આગામી વર્ષાઋતુમાં તમે પણ તમારી રાશિ મુજબ તમારા ઘરમાં, આંગણામાં, બગીચામાં, ઓફિસમાં, ફેકટરીમાં કે સ્કૂલમાં વૃક્ષો વાવો અને દેવતાઓને તથા ધરતીમાતાને પ્રસન્ન કરો... એ જ હાર્દિક શુભકામના..

## ❁ વૃક્ષમિત્ર સંકલ્પના ❁

અગાઉ આપણે જોયું કે આપણા પુરાણો, વેદો અને ઉપનિષદો અનુસાર "વૃક્ષદેવોભવઃ" ની યથાર્થતા સિધ્ધ થાય તે હેતુથી આપણી સંસ્કૃતિ અનુસાર વૃક્ષોની પૂજન વિધિ કરવામાં આવે છે. વૃક્ષના કાષ્ટ તથા પર્ણનો સંસ્કૃતિ અનુસાર વિધિ વિધાનોમાં તેમજ જન્મથી મૃત્યુ સમય સુધીના તમામ કાર્યોમાં ઉપયોગ કરવામાં આવે છે. આ બાબતથી સિધ્ધ થાય છે કે "વૃક્ષો માનવના મિત્ર છે." બાળકોને શાળામાં પણ આ બાબતની પ્રતીતિ કરાવી શકાય. બાળક વૃક્ષને પોતાનો મિત્ર બનાવી, પોતાના મનમાં રહેલો સંકલ્પ, મનોવ્યથા તથા મહેચ્છા રજૂ કરે ત્યારે વૃક્ષ પણ બાળકની વાત સાંભળે છે.

દરેક બાળક કયારેક માનસિક રીતે ખૂબ મૂંઝવણ અનુભવે છે. કોઈક વાત તે પોતાના સ્નેહીજન કે મિત્ર સમક્ષ રજૂ કરી શકતા નથી. આ સમયે જો બાળક પોતાની વાત વૃક્ષ પાસે રજૂ કરે તો, વૃક્ષો અવશ્ય લાગણી સાથે બાળકની વાત સાંભળે છે. જેથી બાળક માનસિક તાણમાંથી મુકત થશે અને અંતરથી હળવા બને છે. વળી, પ્રસિધ્ધ વૈજ્ઞાનિક જગદિશચંદ્ર બોઝે પુરવાર કર્યું છે કે વૃક્ષો સંવેદના અનુભવે છે. જયારે બાળક હર્ષોલ્લાસની વાત કરશે ત્યારે વૃક્ષો આનંદ અનુભવશે અને જયારે વિરહની કે વેદનાની વાત કહેશે ત્યારે વૃક્ષ પણ વિરહ અથવા વેદના અનુભવશે.

"સુખમાં સાથી અનેક દુઃખમાં ન કોઈ" જયારે વિપતિ પડે ત્યારે બધા મિત્રો દુઃખમાં દૂર થઈ જાય છે. પરંતુ વૃક્ષરૂપી મિત્ર જીવનમાં ગમે તેવા આપતિના સમયમાં આપણો સાચો મિત્ર બની આપણી સાથે રહે છે. વૃક્ષો ભલે આપણને પ્રત્યુતર ન આપી શકે પરંતુ સંવેદના જરૂર વ્યકત કરે છે. પ્રયોગો દ્વારા પુરવાર થયું છે કે બે સરખા છોડને એક જ સરખા વાતાવરણ, પાણી, ખાતર અને સમાન માટી આપી છતાં બંને છોડને વિકાસ સરખો થયો ન્હોતો. કારણ કે, એક વૃક્ષ પાસે સારી તેમજ હકારાત્મક વાતો કરવામાં આવતી જયારે બીજા વૃક્ષ પાસે નકારાત્મક વાતો કરવામાં આવતી. પરિણામે હકારાત્મક

સંવેદનાવાળું વૃક્ષ વધુ વિકાસ પામ્યું અને નકારાત્મક સંવેદનાવાળું વૃક્ષ ઓછો વિકાસ પામ્યું આ પરથી કહી શકાય કે વૃક્ષો સંવેદના અનુભવે છે.

દરેક શિક્ષકે પોતાના બાળકો, શાળાબાગ કે આજુબાજુના પરિસરમાંથી કોઈ એક વૃક્ષને પોતાનો મિત્ર બનાવે તેવી સુટેવ અવશ્ય કેળવવી જોઈએ. "છોડમાં પણ રણછોડ છે" એ વાત આ બાબતને સમર્થન આપે છે.

તેથી જ કહેવાયું છે કે, "Trees are the best friends"

## ❁ તરુવર સજે શણગાર ❁

સારું દૃશ્ય જોવું સૌને ગમે છે. શાળાનું વાતાવરણ વૃક્ષો તેમજ ફૂલછોડથી શોભે છે. તેમાંય વળી વૃક્ષોનું સુશોભન કરીએ તો સોનામાં સુગંધ ભળે. વૃક્ષોને સુશોભિત કરવાથી પર્યાવરણ નયનરમ્ય બને છે. તે માટે નીચે જેવા પ્રયોગો અમલમાં મૂકી શકાય.

૧) મોટા વૃક્ષોના થડ પર રંગબેરંગી પાકા કલરથી પ્રકૃતિ ચિત્રો દોરી શકાય કે સૂત્રો લખી શકાય.

૨) જુદી જુદી વેલોથી દરવાજા, વરંડા પર કમાન બનાવવી

૩) મેંદી, બોગનવેલ, સરુ જેવી વનસ્પતિને કટીંગ કરી જુદા જુદા પ્રાણીઓ અને પક્ષીઓના આકારો કોતરવા.

૪) શાળાના રાત્રી કાર્યક્રમ વખતે વૃક્ષો પર સીરીઝ ગોઠવી લાઈટિંગ ડેકોરેશન કરી શકાય.

૫) મોટા વૃક્ષની બાજુમાં મધુમાલતી, જૂઈ, બોગનવેલ જેવી વેલ વાવી દેતા તે ફૂલોથી શોભી ઉઠશે.

૬) બોન્સાઈ પધ્ધતિથી વૃક્ષોને ઉછેરીને ઘર કે શાળામાં ઓછી જગ્યામાં સુશોભન કરી શકાય.

૭) વૃક્ષની આજુબાજુના ખામણાને ઈંટો ગોઠવીને અથવા ચણીને ઓટા બનાવી શકીએ.

૮) બાગને સુંદર નામાભિધાન કરવું જેથી તે છુટા છવાયા વૃક્ષો ન રહેતા એક ઉધાન બની જશે. તે માટે ચોકક્સ નામ આપી બોર્ડ લગાવી તેનું મહત્વ વધારી શકાય.

૯) રંગ બેરંગી ફૂલછોડ હારબંધ વાવીને શોભામાં અભિવૃધ્ધિ કરી શકાય.

૧૦) ફૂલછોડ કે વૃક્ષોને નામ આપી તેની નેઈમ પ્લેટ લગાવી શકાય.

૧૧) ઉનાળામાં ઝાડ–પાનને પાણીના ફુવારાથી ધોવાથી વૃક્ષો તાજા માજા થઈ જાય છે. જેનાથી ધૂળના રજકણો દૂર થાય છે અને વૃક્ષ ચોખ્ખું થતા શોભે છે.

***"પાણી પ્રભુનું અમૂલ્યદાન, પાણીનો બગાડ પ્રભુનું અપમાન"***

## ❁ વૃક્ષોના વાવેતર અને ઉછેરની નવી પધ્ધતિઓ :–

ઈકો કલબ અંતર્ગત આપણે " એક વ્યકિત એક છોડ " યોજનાને શાળા કક્ષાએ અમલમાં મૂકેલી છે. ત્યારે બહુ સ્વાભાવિક છે કે વૃક્ષોના ઉછેર માટે પાણીની સમસ્યાનો પ્રશ્ન ઉપસ્થિત થાય આ માટે, સામાન્ય રીતે આપણે ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ, જો વધુ ખર્ચ ન થાય તે પ્રકારની પધ્ધતિઓ પ્રયોજવી હોય તો શાળા તથા ગ્રામ્ય કક્ષાએ નીચેના જેવી પ્રવૃત્તિઓ કરી શકાય.

⇔ માટલા પધ્ધતિ :– આ પધ્ધતિમાં વૃક્ષની બાજુમાં ખાડો ખોદીને તેમાં નીચે કાણાવાળું માટલુ રાખવું. આ માટલામાં પાણી ભરવું જેથી પણીનો બગાડ ઓછો થાય તેમજ વૃક્ષનો ઉછેર સારો અને ઝડપી થાય.

⇔ પાઈપ પધ્ધતિ :– જૂના નકામા પાઈપના ટુકડાને વૃક્ષના થડની બાજુમાં બે થી ત્રણ ફુટ ઊંડો ખાડો કરીને તેમાં રાખવો. પાઈપમાં જાડી રેતી ભરવી. પાણી પાઈપમાં રેડવું. જેથી પાણી સીધુ જ મૂળ સુધી પહોંચશે. આ પધ્ધતિ દ્વારા પણ ઓછા પાણીથી અને વધારે ઝડપથી વૃક્ષોનો ઉછેર થઈ શકે. આવી પધ્ધતિ શ્રી ઉજળા પ્રાથમિક શાળા તાલુકો જામકંડોરણામાં અપનાવાયેલી છે.

⇔ બાટલા દ્વારા ટપક સિંચાઈ પધ્ધતિ :– આ પધ્ધતિમાં નકામા ગ્લુકોઝના બાટલાઓને નાના વૃક્ષો સાથે બાંધીને જરૂરીયાત મુજબનું પાણી બાળકો બાટલામાં નાખે. બાટલાની નળી દ્વારા પાણી સીધું થડ/મૂળ પાસે ટપકે. આ રીતે પાણીનો બગાડ થતો અટકાવી શકાય અને પાણીની બચત કરી શકીએ.

⇔ વન–વગડામાં વાવેતર :– વન–વગડા, રસ્તા કાંઠે, નદી–તળાવ કાંઠે, જયાં ઝાંખરા–થોરના ઝુંડ હોય ત્યાં ચોમાસા દરમ્યાન લીમડા, બાવળ જેવા વૃક્ષોના બીજ નાખવા. આનાથી વૃક્ષોનું કુદરતી રક્ષણ અને પોષણ થશે અને મહેનત વગર વૃક્ષોનો ઉછેર થઈ શકે. ચાલુ વર્ષે જામકંડોરણા તાલુકાની ઉજળા પ્રાથમિક શાળાના આચાર્ય જીતેન્દ્રભાઈ ધામી, શાળાના બાળકો તથા ગ્રામજનોએ સાથે મળીને લીમડાના બીજનું આ રીતે વાવેતર કરેલ છે.

આ ઉપરાંત લોબીગાર્ડન, કૂંડા, કીચનગાર્ડન, ઔષધબાગ, શાળાબાગ, રોપા તથા બિયારણ બેંક, ટેરેસ ગાર્ડન બનાવીને પણ વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિઓ કરી શકાય.

***ટહુકા મૂક વૃક્ષોની વાચા<br>અને વૃક્ષો<br>વાચાળ ટહુકાનું મૌન.***

## ❁ જયાં જયાં નજર મારી ઠરે…

પ્રકૃતિની સુંદરતા જંગલ, પહાડ, નદી, ઝરણાં, પશુઓ, પંખીઓ, વાદળાઓ, આ બધું વરસાદ અને વૃક્ષોને આભારી છે. જયારે આપણને પ્રવાસ કરવાનું મન થાય ત્યારે આપણે પ્રકૃતિમાતાની ગોદને પ્રથમ સ્થાન આપીએ છીએ. કારણ કે, મનુષ્ય જયારે આવા કોઈ ઉત્કૃષ્ટ સ્થળે જાય છે ત્યારે તેના મન–હૃદયમાં નવીન ચેતનાનો સંચાર થાય છે અને તે જાણે કે માતાની ગોદમાં હોય તેવી શાતા અનુભવે છે. આથી જ, વિશ્વના પ્રત્યેક લોકોને પ્રકૃતિમાતાની ગોદ સુધી પહોંચાડવા તેમને પ્રકૃતિનો ખોળો ખૂંદવા તેમજ તે ખોળાનું પોતીકી સંપતિ ગણીને જતન કરવા માટે પ્રેરિત કરવા તે ઈકો કલબ ચલાવનાર, ઈકો કલબમાં જોડાનાર તેમજ ઈકો કલબથી માહિતગાર હોય તેવા પ્રત્યેક શિક્ષકની ફરજ બની રહે છે.

પ્રકૃતિની સેવા કરવાનો આ મહામૂલો અવસર જયારે આપણને પ્રાપ્ત થયો છે ત્યારે આપણે શું કરી શકીએ ? જવાબ છે કે, જયાં પણ લોકોની નજર પહોંચે તેવા દરેક સ્થળે બેનર, પોસ્ટર, કે તોરણ લગાવી શકાય. જયારે આપણે કોઈ આમંત્રણ પત્રિકા, કાર્ડ કે કવર તૈયાર કરતા હોઈએ ત્યારે તેમાં પણ પ્રકૃતિમાતાને સ્થાન આપી શકાય. બેનર, પોસ્ટર કે સ્ટીકર્સ માટે દાતાઓનો સહયોગ લઈ શકાય અને એ રીતે પર્યાવરણ પરત્વે લોકજાગૃતિ કેળવી શકાય. ઈકો કલબ અંતર્ગત પત્રવ્યવહાર કરવાનો થાય ત્યારે પણ ઈકો સીમ્બોલનો ઉપયોગ કરીને તે કાર્યને આગવી ઓળખાણ આપી શકાય.

આ ઉપરાંત, જાહેર જનતામાં યોજાતા કાર્યક્રમો અંતર્ગત પર્યાવરણ સુરક્ષા માટે જાગૃતિ કેળવાય તે પ્રકારના પર્યાવરણલક્ષી નાટક, વેશભૂષા, ભવાઈ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા કે પર્યાવરણલક્ષી વિવિધ રમતોનું આયોજન કરી શકાય. આ રીતે ઈકો કલબને દરેક માનવીના મન અને હૃદય સુધી પહોંચાડી શકાય.







***"બાળકો બોલે કાલું કાલું, પાણી અમને વહાલું વહાલું"***

## ☸ વિહગ વિશ્રાંતિ ગૃહ :

જાગો ! હવે જાગો ! સમય આવી ગયો છે વિહગની લુપ્તતાને ટાળવાનો. આ માટે "વિહગ વિશ્રાંતિ ગૃહ" ખૂબ ઉપયોગી અને અસરકારક બની રહે છે. દરેક વૃક્ષમાં વિહગ વિશ્રાંતિ ગૃહ મૂકીએ તો વિહગ આનંદ સાથે અન્ન મેળવી શકે છે. આજના આધુનિક યુગમાં સિમેન્ટ કોંક્રીટના જંગલમાં ચકલી, કાગડા, પોપટ વગેરે જેવા ઘરઆંગણાના પક્ષીઓ, પક્ષીઓની જાતિ તેમજ ગીધ, સમડી, ઘુવડ જેવી વનવગડાનછ જાતિઓ લુપ્ત થવાના આરે છે. આ માટે "જીવમાં જ શિવ" આ સૂકિતને સાર્થક કરવા માટે "વિહગ વિશ્રાંતિ ગૃહ" અભિયાનને પરમાત્માનો અવાજ સમજીને આપણે સૌએ આ ભગીરથ કાર્ય હાથ ધરવું જ પડશે. આ કાર્ય જો ગામ ગામ અને જન જન સુધી પહોંચે તો તેની યથાર્થતા સાચા સ્વરૂપમાં રહેશે.

### ☞ *વિહગ વિશ્રાંતિ ગૃહના નિર્માણ માટે જરૂરી સાધન સામગ્રી :–*

- નકામી માટલી, માટલા, ગરબા
- તૂટેલા મોટા દડા
- સૂકાયેલાં શાકભાજીના આવશેષો
- લોટ ચાળવાનો હવાલો / ચારણી
- નકામા ખોખા
- થર્મોકોલની નકામી શીટ
- નાળિયેરની કાચલી
- ખાલી ત્રોફા
- જૂના નકામાં વાસણ
- નકામાં પાઈપના ટૂકડા.

(નોંધ :– ઉપરમાંથી કોઈપણ એક વસ્તુનો ઉપયોગ કરી માળો બનાવી શકાય )

### ☞ *ઉપયોગ કરવાની રીત :–*

નકામી માટલીને તારનું શિકલું બનાવી અથવા તેમાં કાણાં પાડી મજબૂતાઈથી તાર વડે બાંધી માટલીનો ખૂલ્લો ભાગ બાજુ પર રહે તે રીતે ગોઠવવું. આ રીતે તૂટેલા મોટા દડા, લોટ ચાળવાનો હવાલો, નકામા ખોખા, થર્મોકોલની શીટ, નાળિયેરની કાચલી, ખાલી ત્રોફા વગેરેમાંથી વિહગ વિશ્રાંતિ ગૃહ બનાવી શકાય છે.

***"ધરતીનો શોભા છે વૃક્ષ અને પાણી,***
***રક્ષા કરો તેની વૃક્ષો છે, જીવનની ઉજાણી"***

### ☙ *પક્ષીઓનું જતન અને બચાવ કરવા માટે જરૂરી બાબતો :–*

- ઉપર મુજબ બનાવેલ સ્વનિર્મિત માળાઓ મજબૂતાઈથી વૃક્ષની ડાળીએ બાંધવા.
- પક્ષીઓ માટે વૃક્ષની ડાળીએ પાણીની સુવિધા રાખવી.
- માળાઓ પાણીનો ધોધ ન પડે તેવી જગ્યાએ રાખવા.
- લોક સહયોગથી શાળામાં ચબૂતરા બનાવવા.
- હિંસક પ્રાણીઓની સારસંભાળ રાખવી.
- પક્ષીઓના માળાઓને પંખા અને વીજવાયરથી દૂર રાખવા.
- ઘાયલ પક્ષીઓને સારવાર આપવી.
- Bird help line number પર contact કરવો.
- પક્ષીઓ માટે First aid box રાખવું.
- દરેક માળાનું વિધાર્થી દ્વારા નામકરણ કરાવવું.

## ❁ પ્રકૃતિ અન્નપ્રાશન યોજના :–

દરેક સજીવનો વિકાસ ખોરાકને આધારે થાય છે. મનુષ્ય ખોરાકમાં અનાજ, કઠોળ, શાકભાજી, ફળ, તેલીબિયાં વગેરે ગ્રહણ કરે છે. ઘણી બધી સેવાભાવી સંસ્થા તેમજ લોકો તથા મંદિરો દ્વારા માણસોને ભોજન કરાવવામાં આવે છે. ભોજનાલય તથા અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. આ જ રીતે મનુષ્ય સિવાય પ્રકૃતિ અને સૃષ્ટિના દરેક સજીવ કોઈને કોઈ પદાર્થનો ભોજન તરીકે ઉપયોગ કરે છે. પ્રકૃતિની ખરા અર્થમાં સેવા કરવા તેમજ અસ્તિત્વ ટકાવી રાખવા માટે "પ્રકૃતિ અન્નપ્રાશન યોજના" શાળાકક્ષાએ અમલમાં મૂકવી જોઈએ. જેથી પ્રકૃતિના કણ કણમાં સ્વચ્છતા સાથે સુંદરતા વ્યાપી જશે.

### ☙ *હેતુ :–*

- "અન્ન સમા પ્રાણ"ની યથાર્થતા સિદ્ધ કરવી.
- પ્રાકૃતિક પર્યાવરણની પ્રસ્થાપિતતાને પ્રાધાન્ય આપવું.
- નિવસનતંત્રની જાળવણી કરવી જેથી દ્રવ્યચક્રનું સંતુલન જળવાય.

### ☙ *શું કરીશું ?*

- રોટલી કે રોટલા પ્રાણી કે પક્ષીઓને આપવા.
- કીડીયારું પૂરવું.
- દરેક વિધાર્થી પોતાને ઘરે પક્ષીઓ માટે પાણી અને ચણની વ્યવસ્થા કરે તેવી અપીલ કરવી
- સૂકાઈ ગયેલા કે કોહવાઈ ગયેલા પાંદડાઓનો ખાતર તરીકે ઉપયોગ કરવો.

- ચાનું પાણી કે ચાની ભૂકી ગુલાબના છોડમાં નાખવાથી ગુલાબ વધુ આવે છે. તે બાબત વિદ્યાર્થી સમક્ષ મૂકવી.
- નકામા શાકભાજી અને ફળને નાખી દેવાને બદલે પશુઓને આપવા.
- નદી, તળાવમાં માછલાઓને રોટલીનો ભૂકો કે લોટ નાખવા.
- શેરી કે મહોલ્લામાં પડેલ છાણને વૃક્ષના ક્યારામાં નાખવાથી તે ઉતમ ખાતર પુરવાર થશે.

**ફાયદા :–**

- ઘરની નકામી કે વધેલી ખાદ્યસામગ્રીનો ઉપયોગ થાય છે.
- બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે દયાભાવ પ્રગટે છે.
- શેરીમાં સ્વચ્છતા જળવાય છે.

## ❁ *ક્લિક કરો, પર્યાવરણને માણો :–*

આધુનિક યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. વર્ગખંડમાં પર્યાવરણ અને જરૂર પડે ત્યારે પર્યાવરણમાં વર્ગખંડ લાવીએ તો કેમ ? તો આપણે ઈકો કલબ અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી વર્ગને ચાર દિવાલમાં સીમિત ન રાખતા ગ્લોબલ કલાસરૂમ બનાવીએ. વિવિધ ટેકનોલોજીની ઉપયોગ દ્વારા પ્રદૂષણથી થતા ફેરફારો, પ્રાણીઓનો અભ્યાસ, વનસ્પતિઓની ઓળખ, પ્રાકૃતિક સ્થળોની માહિતી, પક્ષીઓનું સૂક્ષ્મ નિરીક્ષણ વગેરે સરળતાથી કરી શકાય છે. આ માટે શાળાકક્ષાએ નીચેના જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી શકાય.

**ઈન્ટરનેટ :–**

ઈન્ટરનેટના માધ્યમ દ્વારા એક કલીક કરીને સમગ્ર પર્યાવરણ વિશેની માહિતી આપણે મેળવી શકીએ છીએ. આ પ્રકારની કેટલીક વેબસાઈટના નામ અત્રે આપેલ છે.

1. www.geography.com
2. www.discovery.com
3. www.earthday.com
4. www.science.nationalgeographic.com
5. www.britannica.com
6. http://marsrover.nasa.gov

*" વૃક્ષ વિનાશે પંખી નાશ, પંખી વિનાશે ખેતી નાશ "*

## ❧ VCD અને DVD :–

વિવિધ પર્યાવરણને લગતી ફિલ્મો બતાવી પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવી શકાય છે. અત્રે આવી કેટલીક સી.ડી. / ફિલ્મોના નામ આપેલ છે.

૧ જુરાસીક પાર્ક (ડાયનાસોર વિશે)

૨ The twister (વાવાઝોડા વિશે)

૩ The voleano (જવાળામુખી)

૪ The day after tomorrow (ગ્લોબલ વોર્મિંગ)

૫ મહારાજા (પ્રકૃતિ પ્રેમ)

૬ ટારઝન (જંગલો)

૭ જુમાનજી

## ❧ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન :–

કમ્પ્યુટરમાં પાવરપોઈન્ટ પ્રોગ્રામ દ્વારા પર્યાવરણને લગતું પ્રેઝન્ટેશન તૈયાર કરી બાળકોને સચિત્ર અને સચોટ માહિતી આપી શકાય. ટેકનોલોજીના આ યુગમાં google માં ppt. environment કે ppt. global warming કરવાથી અથવા જે પણ વિષય જોઈતો હોય તે ppt બાદ લખવાથી તૈયાર પ્રેઝન્ટેશન મેળવી શકાય છે.

## ❧ સ્લાઈડ પ્રોજેક્ટર :–

સ્લાઈડ પ્રોજેક્ટર દ્વારા વિવિધ વનસ્પતિના કોષોની સ્લાઈડો બનાવી પ્રોજેક્ટર દ્વારા વનસ્પતિ કોષોનું સૂક્ષ્મ નિદર્શન કરાવી શકાય.

## ❧ દૂરબીન અથવા ટેલીસ્કોપ :–

અવકાશી પદાર્થો જેવા કે ગ્રહો, તારાઓ, નક્ષત્રો તથા ગ્રહોના વલયો, સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ જેવી ઘટનાઓનું નરી આંખે નિદર્શન કરાવી શકાય છે.

## ❧ પુસ્તકો :–

પર્યાવરણને લગતા અસંખ્ય પુસ્તકો બજારમાં મળે છે જેના વાંચન દ્વારા બાળકો વિવિધ ઔષધિઓ, રોગ ઉપચાર, પ્રાથમિક સારવાર તેમજ વનસ્પતિઓના ઉછેર અને ઉપયોગ વિશે જાણી શકે છે. અત્રે આવા ઉપયોગી પુસ્તકોના નામ તેમના લેખકના નામ સાથે આપેલ છે.

૧ પ્રકૃતિ અને પ્રાણી જગત – નગેન્દ્ર વિજય

૨ આર્યભિષક – શંકરદાજી પદે

૩ વશુંધરાની વનસ્પતિ – અશોક શેઠ

૪ જંગલની જડી બુટી – વૈદ્ય શાસ્ત્રી રામદાસજી ગોર

૫ વનસ્પતિ શાસ્ત્ર – જયકૃષ્ણ ઈન્દ્રજી

૬ હિમાલય દર્શન – ભાણદેવ

૭ પૃથ્વીનું પર્યાવરણ ચક્ર – દિપક જગતાલ
૮ ચાલો જાગીએ, પર્યાવરણ બચાવીએ – ડૉ. રમેશચંદ્ર ભાયાણી
૯ કલ્પવૃક્ષ લીમડો – વૈદ્ય બળદેવ પ્રસાદ પનારા
૧૦ પ્રકૃતિ (સામાયિક) – વન વિભાગ ગુજરાત
૧૧ વૃક્ષઉપાસના – વન વિભાગ ગુજરાત
૧૨ વન્યજીવન પ્રશ્નમંચ – વન વિભાગ ગુજરાત
૧૩ ગુજરાતના વનો – વન વિભાગ ગુજરાત
૧૪ વનઔષધિની માર્ગદર્શીકા – વન વિભાગ ગુજરાત
૧૫ વનપ્રચાર સૂત્રમાલા – વન વિભાગ ગુજરાત
૧૬ પમરાટ – ડૉ. પ્રવિણભાઈ નિમાવત
૧૭ તારલીયાઓના દેશમાં – મનસુખભાઈ વાડોલીયા
૧૮ ધોળી કોટાલ – રાજેશ મહેતા
૧૯ પર્યાવરણ પર્વ – નટવર હેડાઉ
૨૦ લોકજાગૃતિ અને પર્યાવરણ – મહેન્દ્ર ઝીંઝુવાડિયા
૨૧ પર્યાવરણ વિશેષ – રાજેન્દ્ર દવે
૨૨ ઝરણા ગાતા ઝરણા – સંપાદક : ડૉ. બલરામ ચાવડા

## ❁ પેપરલેસ સ્કૂલ :–

'પેપરલેસ સ્કૂલ' શબ્દ સાંભળતાની સાથે જ મનમાં વિચાર આવે કે કોઈ શાળા પેપર (કાગળ) વિના કેવી રીતે ચલાવી શકાય ? પરંતુ મિત્રો, અહીં પેપરલેસ સ્કૂલને આપણે નવા દ્રષ્ટિકોણથી જોઈશું રોજબરોજ અનાયાસે આપણે ઘણાં જ કાગળ બગાડીએ છીએ, વળી કાગળના વિકલ્પ વિશે તો આપણે ભૂલથીએ વિચારતા નથી બરાબરને ? તો આવો, 'પેપરલેસ સ્કૂલ' અંતર્ગત શાળા કક્ષાએ આપણાથી થઈ શકે તેવી પ્રવૃત્તિઓ વિશે જાણીએ.

૧) ***સ્લેટનો ઉપયોગ :***

સ્લેટ (પાટી) માત્ર ધોરણ–૧ માટે ઉપયોગ ન કરતાં ઉપલા ધોરણમાં ગણિત જેવા વિષયોમાં વધુ ઉપયોગ કરીએ અને નોટબુકનો ઓછો ઉપયોગ કરીએ.

***"સમૃધ્ધ બનાવો ઉપવન, વધૂ સ્વચ્છ બનશે પર્યાવરણ"***
***"વૃક્ષ વિના ધરા વેરાન, માનવ ચેત નહી તો થાશે હેરાન"***

૨) ***કૃષ્ણ ફલકનો ઉપયોગ :***

કળીયુગમાં કૃષ્ણનું મહત્વ વધ્યુ છે પરંતુ શાળામાં કૃષ્ણફલક (કા.પા.) નું મહત્વ ઘટયું છે. મિત્રો ! સૌ આ વાત સ્વીકારશે કે રોજબરોજના અધ્યાપન કાર્યમાં શિક્ષકો નોટબુકને (પેપરનો) જ ઉપયોગ વધુ કરે છે, પરંતુ 'બ્લેકબોર્ડ' નો ઉપયોગ વધારવાની જરૂર છે.

૩) ***બાલમિત્ર વર્ગની રચના :***

ધોરણ–૧, ૨ ના 'બાલમિત્ર વર્ગ' નો ઉપયોગ ઉપલા ધોરણમાં પણ કરી શકાય, બ્લેક પટ્ટામાં લેખન કરાવી શકાય, વિદ્યાર્થીઓ કા.પા. માં વ્યવસ્થિત લખવાની 'Skill' કેળવશે.

૪) ***ટેકનોલોજીનો ઉપયોગ :***

શાળામાં ટેકનોલોજીના વધુ ઉપયોગથી સમય, નાણાં, પેપર, શકિત તમામ બચશે, CD, DVD, OHP, કમ્પ્યુટર, મોબાઈલ, માઈકના ઉપયોગ થકી અધ્યાપન કાર્ય કરવું.

૫) ***નકામા કાગળનો સદ્દુપયોગ :***

શાળાની વેસ્ટ સામગ્રીમા ડ્રોંઈગશીટ અને કાગળ રોજબરોજ ફેંકી દેવાતા હોય છે, બાળકોને એવી સૂચના આપીએ કે કાગળનો બન્ને બાજુ ઉપયોગ કરે વળી, આવા વપરાયેલા કાગળમાંથી T.L.M. પણ બનાવી શકાય.

૬) ***રાઈટ એન્ડ ઈરેઝ સ્લેટનો ઉપયોગ :***

રાઈટ એન્ડ ઈરેઝ સ્લેટનો ઉપયોગ વધારવાથી વિદ્યાર્થીઓની ચીઠ્ઠી, ચખરખી, કાગળ, નોટ, ચોપડા વગેરેની બચત થઈ શકે.

૭) ***શિક્ષણની નૂતન પધ્ધતિઓનો ઉપયોગ :***

પરંપરાગત શિક્ષણની પધ્ધતિને બદલે નૂતન પધ્ધતિ અને પ્રયુકિતનો ઉપયોગ કરીએ. ઉ.દા. તરીકે – મૂળાક્ષરો, શબ્દો, અંક શીખવવા માટે મણકા, રેતી, મેદાન, સ્પર્શ વગેરેનો ઉપયોગ કરી શકાય નહીં કે માત્ર કાગળ અને પેનનો.

આપણે જે કાગળો વાપરીએ છીએ તે બનાવવા માટે અસંખ્ય વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહયું છે ત્યારે ઈકો કલબ અંતર્ગત વૃક્ષોરોપણ કરતાંય વૃક્ષોનું જતન વધુ મહત્વની પ્રક્રિયા બની રહે છે, આવા સમયે ઉપરોકત જાણી છતાં અજાણી ખૂબ નાની છતાં ખૂબ મોટી પ્રવૃત્તિઓ આપણને 'પર્યાવરણમિત્ર' બનાવવામાં જરૂર મદદ કરશે.

**"વૃક્ષારોપણ અપનાવો, દરિદ્રતા દફનાવો"**

## ❁ ટેરેસ / લોબી ગાર્ડન :

ગત વર્ષથી આપણે ઈકો કલબ અંતર્ગત 'પ્રકૃતિ દક્ષિણા' નો સમાવેશ કરેલ છે. તે અનુસાર, જન્મદિનને દિવસે બાળક શાળાને કંઈક આપે અને આપવા સાથે પર્યાવરણ તરફ વળે તે માટે શાળાના વિદ્યાર્થીને માટીના કુંડા કે પક્ષીના પિયાવા ભેટ આપવા માટે પ્રેરી શકાય. તે દિવસે જ રિસેસના સમયે તેમના હાથે જે તે કુંડામાં નાના ફૂલછોડ જેવા કે, બારમાસી, કાંટા વગરના થોર, તિલક તુલસી, તુલસી, ડોલર, ગલગોટા કે લાલગજરા જેવા અનેક કૂંડામાં ઉગતા છોડ વાવી જન્મદિન યાદગાર બનાવી લોબી ગાર્ડન ઉભું કરી શકાય. વેકેશન દરમ્યાન શાળાની આસપાસ રહેતા વિદ્યાર્થીઓને ઘેર આ કૂંડાઓ બે કે ત્રણ વિભાગોમાં વહેંચી જાળવણી કરી શકાય. ભેટ મળેલ પક્ષીના પિયાવા પણ દોરી કે લોખંડના તાર વડે બાંધી વૃક્ષોની ડાળી પર લગાવી શકાય અને પક્ષીપ્રેમ વધારી શકાય.

શાળાના રૂમોની જે ઓસરીનો જે ભાગ હોય તેની કિનારી પર શકય હોય તો ઈંટોથી ચણતર કરી કાળી માટી ખાતર ભરી, નાના ફૂલછોડ વાવી શાળાના સૌંદર્યમાં વધારો કરી શકીએ છીએ. બાળકો જયારે સ્કૂલેથી છૂટે ત્યારે પોતાની વોટરબેગનું વધેલું પાણી આ ફૂલછોડને પાઈ ધન્યતા અનુભવે છે. અને ખુશ થાય છે.

## ❁ બીયારણ બેંક કે રોપા બેંક :–

શાળા પરિસરમાં થતાં ફૂલછોડના બીયારણ જેવા કે, બારમાસી, રોડોડેડ્રમ, ટમટમીયા, લજામણી, આકડો, મરવો, સૂરજમુખી જેવા અનેક ફૂલછોડ થતાં હોય કે ઔષધિય વનસ્પતિના બીયારણ થતાં હોય તો તે બી એકઠા કરી બાળકોને નાની ડબ્બીઓમાં અલગ–અલગ નામ લખી ઉનાળાના વેકશન દરમ્યાન થોડા–થોડા બી આપવાની પ્રવૃત્તિ કરાવી શકાય. એકઠા કરેલ બી વર્ષાઋતુના સમયે વહેંચીને પણ બાળકોને પર્યાવરણ તરફ લઈ જઈ શકાય. શાળા પરિસરના રોપા પણ વિદ્યાર્થીઓને વહેંચવા જોઈએ.

ઘણાં ફૂલછોડ ડાળીઓથી થતાં હોય છે, જેવા કે જાસુદ, ડોલર, ગુલાબ આવા ફૂલછોડની ડાળીઓ જૂન–૧૫ પછી કાપી રજા પડવાના સમયે બાળોકોને આપી તેમના ઘેર આ ફૂલછોડ વાવતાં થાય તેવી પ્રવૃત્તિથી વૃક્ષો પ્રત્યેનો પ્રેમ ઉભા કરી શકીએ છીએ.

❁ **આરોગ્યવર્ધક શાળા તોરણ :**

બાળકોને સતત આરોગ્ય અંગે તેમજ ખોરાક અંગે સભાન રાખવા માટે શિક્ષક પોતાના વર્ગખંડમાં "એ ફોર" સાઈઝના એક કાર્ડમાં ૩૦ સૂત્રોનું આરોગ્ય વર્ધક તોરણ બનાવી શકે. આ તોરણ દરેક વર્ગખંડમાં એક – એક મહિનાના અંતે બદલાવતાં રહેવું. જેથી, બાળકોમાં આરોગ્યના સૂત્રો પાકા થશે અને બાળકમાં ઘરના સભ્યોને પણ તેની જાણકારી પ્રાપ્ત થશે, આ સાથે ૧ થી ૩૦ આરોગ્યવર્ધક સૂત્રો સામેલ છે.

**આરોગ્યવર્ધક સૂત્રો :–**

૧) જે ખાય મગ, તેના જોરમાં આવે પગ.

૨) લીલી – લીલી ભાજી, આંખો રાખે તાજી.

૩) તુલસીના પાન, દિલમાં લાવે જાન.

૪) લીમડાના પાન, કરમિયાનો કાઢે જાન.

૫) સરગવાના પાદડાં, સૌને રાખે ફાકડાં.

૬) શિયાળામાં તલ, શરીર રાખે ખડતલ.

૭) કૂલ્ફીને ગોલા કરી નાખે દાંત પોલંપોલા.

૮) અરડૂસીના પાન, સુંદર બનાવે વાન.

૯) ચા ના બદલે ચણા, તે જીવે ઘણાં.

૧૦) ખાંડના બદલે ગોળ, તો હાથમાં આવે જોર.

૧૧) આમળાને જામફળ, તબિયત રહે સફળ.

૧૨) બ્રેડ અને પાંઉ, તબિયત કરે ચાઉં.

૧૩) બિસ્કીટ, ચોકલેટને ભૂંગળા, બાળકો થયા પાંગળા.

૧૪) ભેળપૂરીને ભાજીપાઉં, કમળો કહે હું તને ખાઉં.

૧૫) સ = સરળ, ફા = ફાયદાકારક, ઈ = ઈલાજ સફાઈ.

૧૬) જેનું મન નિરોગી તેનું તન નિરોગી.

૧૭) જમતાં પહેલા ધોઈએ હાથ, રોગની સામે ભીડીએ બાથ.

૧૮) ગંદકી આવી શું શું લાવી ? માખી, મચ્છરને રોગ લાવી.

૧૯) સ્વચ્છ પાણી, સ્વચ્છ ખોરાક અને સ્વચ્છ કપડા એ રાખે સદા નિરોગી.

૨૦) નિર્મળ બાળક, નિર્મળ સમાજ, નિર્મળ ગુજરાત એ જ છે રાષ્ટ્ર વિકાસ.

૨૧) નિરોગી બાળક સંસ્કારી કુટુંબની નિશાની છે.

૨૨) નિરોગી બાળક તંદુરસ્ત સમાજની નિશાની છે.

૨૩) તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મનનો વિકાસ થાય છે.

૨૪) મનની શુદ્ધિ માટે મંદિર, તનની શુદ્ધિ માટે શૌચાલય.

૨૫) ઘરઆંગણ જેનું સ્વચ્છ જીવન એનું સદાય સ્વસ્થ.

૨૬) માપસર જમવું અને હિતકારી જમવું.

૨૭) નખને રાખો કાયમ ચોખ્ખાં નહીં પડો તમે કયારેય ફિક્કા.

૨૮) ધર્મ આપણને શીખવે તન અને મન રાખો ચોખ્ખા.

૨૯) તંદુરસ્તીએ વ્યકિતની સર્વશ્રેષ્ઠ સંપતિ છે.

૩૦) આખે ત્રિફળા દાંતે લૂણ, પેટ ન ભરીએ ચારે ખૂણ.

## ❁ ચાલો જઈએ પૂર્વ તૈયારી સાથે પ્રવાસમાં :–

પ્રવાસનું નામ પડે અને બાળકોના પગ થનગનવા લાગે છે, મન પ્રકૃતિના ખોળે જઈ બેસે છે અને હૃદય પ્રવાસે જવાના વિચારોમાં નૃત્ય કરવા લાગે છે, પરંતુ, મોટે ભાગે આપણે જે પ્રવાસ પર્યટન યોજીએ છીએ તે ધાર્મિક સ્થળો સાથે સંકળાયેલા હોય છે. વળી, સામાન્ય રીતે સાથે લઈ જવાની વસ્તુઓનું લીસ્ટ તેમજ જોવાના સ્થળોની યાદી જેવી બહુ જ ઓછી પૂર્વ તૈયારી સાથે આપણે બાળકોને લઈને જે તે સ્થળે પહોંચી જતાં હોઈએ છીએ. અને પછી થોડી રમતો, નાસ્તો, ભોજન, ગીતો, વાર્તાઓ વગેરેનો આનંદ માણીને પરત ફરતાં હોઈએ છીએ, પરંતુ ખરેખર પ્રવાસ એ ઘણું બધું શીખવા, જોવા અને જાણવા માટે હોય છે. તો જોઈએ કે પ્રવાસની તૈયારીમાં કઈ કઈ બાબતોનો સમાવશે થાય છે.

વાસ્તવમાં બાળકો કુદરતી પર્યાવરણની સાચી સંવેદના પર્યાવરણના સ્થળે જ અનુભવી શકે. નહીં કે, વર્ગખંડમાં જયારે બાળકોને કુદરતી પર્યાવરણના ખોળે રમતા મૂકવામાં આવે છે ત્યારે તે પર્યાવરણ સંબંધી જ્ઞાન તેની પાંચેય ઈન્દ્રિયો નાક, કાન, આંખ, જીભ, ચામડી દ્વારા ગ્રહણ કરતાં થાય છે. મોટે ભાગે પ્રવાસ દરમ્યાન તેને માત્ર માર્ગદર્શનની જ આવશ્યકતા રહે છે. પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ બાળકો ઘણું બધુ શીખતા હોય છે. પ્રવાસ, પર્યટનનું આયોજન ચાર ભાગમાં વહેંચી શકાય.

૧) પ્રવાસ આયોજનના હેતુઓ

૨) પૂર્વ તૈયારી

૩) પ્રવાસ પર્યટન દરમ્યાન કરવાની વિવિધ પ્રવૃત્તિ

૪) પ્રવાસ પૂર્ણ થયે બાળકોના માનસ પર તેની અસર

૧) ***પ્રવાસ આયોજનના હેતુ :***

- બાળકોમાં સંઘભાવના / ભાતૃભાવના / નેતૃત્વના ગુણોનો વિકાસ થાય.
- બાળકો પ્રકૃતિના ઘટકોનો પ્રત્યક્ષ અનુભવ મેળવી પ્રકૃતિનું જ્ઞાન મેળવે.
- બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે.
- બાળકો જૈવ વૈવિધ્ય અને તેની અગત્યતાની સમજ કેળવે.
- બાળકો પ્રકૃતિ પ્રેમી બને તેમજ પર્યાવરણનું મૂલ્ય સમજે.

૨) ***પ્રવાસ આયોજનની પૂર્વ તૈયારી :***

- પ્રવાસ – પર્યટન માટે યોગ્ય રીતે પૂર્વ આયોજન કર્યા પછી જ નિકળવું જરૂરી છે, પૂર્વ આયોજનમાં પ્રવાસ માટેની ઋતુ અને સમયગાળો, પ્રવાસના સ્થળની પૂર્વ જાણકારી તેમજ મંજૂરી, ચા–પાણી, નાસ્તા, જમવાની સગવડતા, આર્થિક ભંડોળની જરૂરીયાત સલામતી અંગેની બાબત, બાળકોની વય વગેરે ધ્યાનમાં રાખવા જરૂરી છે.
- પ્રવાસમાં જતાં પહેલા જરૂરી મેડીસીન, સાથે લઈ જવા માટેનું જરૂરી સાહિત્ય, ટેલીસ્કોપ / બાયનો કયૂલર વગેરેનું લીસ્ટ તૈયાર કરવું. જે વસ્તુઓ બાળકોએ સાથે લેવાની હોય તેનું લીસ્ટ તેમને લખાવી દેવું.

૩) ***પ્રવાસ – પર્યટન દરમ્યાન કરવાની વિવિધ પ્રવૃત્તિઓ :***

- પ્રવાસ – પર્યટન દરમ્યાન બાળકોમાં પર્યાવરણ વિશેની જ્ઞાનવૃદ્ધિ માટે વિવિધ માહિતી આપવી જરૂરી છે.
- જેમ કે જમીનના પ્રકાર, જમીન પ્રમાણે લઈ શકાતા ખેતીના પાક, સિંચાઈના પ્રકારની વિવિધ પદ્ધતિઓ વગેરેની સમજ આપવી જોઈએ.
- જો સ્થળ પાણી ધરાવતું હોય તો પાણીના સ્ત્રોતો, જળાશય, નદી, ખાડી વગેરેની સમજ આપવી જોઈએ. આ ઉપરાંત, ઝરણાં, તળાવ, સમુદ્ર જલજ તેમજ સ્થલજ વનસ્પતિઓ તથા પંખીઓ અને પ્રાણીઓની ઓળખ, પર્યાવરણમાં તેની અગત્યતા વગેરે બાબતો દ્વારા માહિતગાર કરવા.

***"વૃક્ષ છે વાટનો વિસામો, વૃક્ષમાં પંખીનો માળો ને મેળો"***

- જો પ્રવાસનું સ્થળ સમુદ્ર સપાટીથી ઊંચાઈ પર હોય તો જંગલોનો પ્રકાર, વૃક્ષોના પ્રકાર જેમકે છોડ, વૃક્ષ વિશે સમજૂતી આપી શકાય. આ ઉપરાંત જંગલની પેદાશ જેવી કે, લાખ, મધ, મીણ, ગુંદર, ઈમારતી લાકડું, ઔષધ, પ્રાણવાયુ, વૃક્ષની ઉંમર માપવાની પધ્ધતિ, વૃક્ષની ઊંચાઈ માપવાની પદ્ધતિ, વૃક્ષના ઘેરાવા માપવાની પદ્ધતિ, વિશે શિખવી શકાય, તેમજ વૃક્ષોમાં સહજીવન (દા.ત.– વડ, પીપળો) ધાર્મિક વિધિમાં ઉપયોગી વૃક્ષો વિશે બાળકોને માહિતી આપી શકાય.
- વૃક્ષના વિવિધ ભાગોની સમજ, વિવિધ પક્ષીઓ અને પ્રાણીઓ તથા તેના રહેઠાણ પર્વતીય પ્રદેશના પ્રવાસે જવું હોય તો તેની સમજ
- પર્વતારોણ, પર્વતીય પ્રદેશની વનસ્પતિ તથા પ્રાણી જીવન અંગેની માહિતી અગાઉથી પ્રાપ્ત કરવી, વિવિધ ઐતિહાસિક સ્થળે લઈ જવા હોય તો સ્થળોની માહિતી વિવિધ પ્રકારના ગાર્ડન અને તેના ઉપલબ્ધ વનસ્પતિ જેવી કે રબ્બર, ચા, કોફી, તમાકુ, નાળીયેરી વગેરેની અગાઉથી માહિતી મેળવી શકાય.
- પર્યાવરણ સંબંધી કવીઝ કે પર્યાવરણ લક્ષી રમતો રમાડી શકાય.
- પ્રવાસ દરમ્યાન પ્રવૃત્તિ કરાવવી હોય તો કોઈ એક પર્ણ લઈ દરેક વિદ્યાર્થીઓ પાસે તેના વિશે એક શબ્દ બોલાવરાવી શકાય. દા.ત. લીમડાનું છે. (૧) તૂટેલું (૨) સડીને ખાતર બને છે (૩) રંગ કથ્થાઈ છે (૪) પથ્થર નીચે પડેલુ હતું, વગેરે

આ ઉપરાંત, બાળકોને ચાલીને લઈ જતાં હોઈએ ત્યારે રસ્તામાં.....

૧ જમીન પર ચોરસ દોરી તેટલી જમીનમાં સમાવિષ્ટ વિવિધ જંતુઓ, જમીનનો પ્રકાર, નાની – નાની વનસ્પતિ, વનસ્પતિના ભાગ વગેરે જેવી બાબતો નોંધ તારણ તારવી શકાય.

૪) ***પ્રવાસ પૂર્ણ થયે બાળકોને મન પર તેની અસર :***

પ્રવાસ પૂર્ણ થયા બાદ બાળકનું મન પ્રકૃતિ તરફ આકર્ષિત થવું જોઈએ. બાળક પોતાને પ્રાપ્ત થયેલ માહિતીનો સંગ્રહ કરે, જાળવે અને ફરી નવા પ્રવાસ આયોજન માટે, તત્પર રહે તો પ્રવાસ

સાર્થક થયો ગણાય. પ્રવાસ દરમ્યાન પ્રાપ્ત કરેલ જ્ઞાન અને માહિતી બીજા બાળકો અને કુટુંબના સભ્યોને આપે ત્યારે પ્રવાસે લઈ ગયાનું હાર્દ સફળ થાય.

## ❁ પ્રકૃતિમાતાનું વૈદુ :–

સર્વત્ર સુખિન : સન્તુ, સર્વે સન્તુ નિરામયા : ।

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ દુ:ખ માપ્નુયાત ॥

આપણે વારંવાર બોલતા હોઈએ છીએ કે, ***"પહેલુ સુખ તે જાતે નર્યા"*** બાળકો તંદુરસ્ત હશે તો કુટુંબ, સમાજ અને દેશ તંદુરસ્ત બનશે. રોગ થયા પછી સારવાર કરવી તેના કરતાં પહેલેથી જ સાવચેત રહીએ તે અપેક્ષિત છે. પ્રાથમિક શાળામાં ઈકો કલબ અંતર્ગત બાલ આરોગ્ય માટે નીચેની પ્રવૃત્તિઓ કરી શકાય.

૧) ***બાલઆરોગ્ય સમિતિ :***

વર્ગવાઈઝ બાલ આરોગ્ય સમિતિની રચના કરવી. સમિતિના સભ્યો વર્ગના તમામ વિદ્યાર્થીઓના નખ, વાળ, કપડા, શરીર સફાઈ, દાંતની તપાસ – નિરીક્ષણ કરશે. જરૂરી સૂચના આપશે અને તેના માટેના સાધનોની વ્યવસ્થા કરી હેલ્થ કોર્નર બનાવશે.

૨) ***દાતણ અભિયાન :***

કરંજ, લીમડો, વડ, બાવળ, બોરસલ્લીના દાતણ કાપીને સમૂહ દાતણ કરાવવા. આ માટે આયુર્વેદિક દંતમંજન પણ બનાવી શકાય. દરેક બાળકને વ્યકિતગત ચાર્ટ આપીને આખા માસમાં તેણે કેટલા દિવસ દાતણ કર્યુ તે ટીક કરાવી શકાય.

૩) ***આંખની સારસંભાળ :***

ગાજર, કાકડી, ફણગાવેલા કઠોળ, કાચુ પપૈયું, પાલકની ભાજી જેવા ખોરાકનો ઉપયોગ કરવા પ્રેરવા કાચુ એટલું સાચું

૪) ***બાલભોગ :***

પોષક તત્વોથી ભરપૂર આરોગ્યપ્રદ નાસ્તા, ભોજનની ચર્ચા જેમ કે ફણગાવેલા કઠોળ, શીંગ – ચણા, ફળો, મમરા, દાળીયાનો ઉપયોગ વધારવો, ચોકલેટ, ફાસ્ટફુડ, પેકીંગવાળા ફરસાણ જેવી વસ્તુ ન ખાવાથી આરોગ્ય અને પર્યારવણ બન્ને સુરક્ષિત રહેશે.

૫) ***બાલ તંદુરસ્તી હરિફાઈ :***

શાળામાં સમયાંતરે બાલ તંદુરસ્તી હરિફાઈ ગોઠવવી. જેમાં, બાળકોની તંદુરસ્તીનું નિરીક્ષણ કરી પ્રોત્સાહક ઈનામ કે પ્રમાણપત્ર આપી શકાય પ્રાર્થના સભામાં 'આજનું ગુલાબ' તરીકે નામ બોલીને કે બુલેટીન બોર્ડ પર નામ લખીને બિરદાવી શકાય.

૬) ***ઔષધિ સેવન :***

બીમાર બાળકને અથવા તમામ બાળકોને ઋતુ અનુસાર સમુહમાં વિવિધ ઊકાળાનું સેવન કરાવવું. જે ગત વર્ષે બાલામૃત યોજના દરમ્યાન કરાવવા તે મુજબ, જાસુદનું શરબત (ગરમીમાં), આદુ–તુલસીનો અને ફૂદીનાનો ઉકાળો (ઠંડીમાં), કડુ–કડીયાતું (ચોમાસામાં), અરડુસી–મધ–આદુનો રસ (શિયાળામાં), લીંબુ–વરીયાળીનું શરબત (ઉનાળામાં) લીમડાના પાનનું ચૂર્ણ (તાવ–ચામડીના રોગ) વગેરે આયુર્વેદિક ચા અથવા ઘઉંના જવારાનો રસ (શિયાળામાં) આપી શકાય.

૭) ***તિથી ભોજન :***

તિથી ભોજનમાં ફળ તથા દૂધ જેવી વસ્તુઓ અપાવવી.

૮) ***હાથ સફાઈની રમત :***

બે થાળી લઈ તેમાં ચોખ્ખુ પાણી ભરવું, એક થાળીમાં બધા બાળકોને હાથ ધોવા કહેવું, જમા થયેલ મેલ બતાવી હાથ સફાઈનું મહત્વ સમજાવવું.

૯) ***દાદીમાનો ડાબલો :***

ફર્સ્ટ એઈડ બોકસમાં કાંગસો, મામેજવો, ફાંકી, હીંગવાષ્ટક, હળદર, હીંગ, અજમા, મીઠું જેવી રસોડાની ઔષધી રાખી શકાય, પાટા પીંડી તથા દવાનો ઉપયોગ શીખવી શકાય, "દાદીમાનો ડાબલો" તથા "જંગલની જડીબુટ્ટી", "વસુંધરાની વનસ્પતિ", "ઔષધીય વનસ્પતિ"ઓ જેવા પુસ્તકો હેલ્થ કોર્નરમાં મૂકી શકાય.

૧૦) **ઈકો કલબ કેન્ટીન :**

શાળાના બાળકો દ્વારા સંચાલિત ઈકો કલબ કેન્ટીન પ્રવૃત્તિ ચલાવી શકાય અને તેની પ્રોડકટને આરોગ્ય નાસ્તા એવું નામ આપી શકાય છે બાળકો પોતાની જાતે ફણગાવેલા કઠોળ બનાવે તો એક દિવસ ફણગાવેલા કઠોળ, એક દિવસ ફ્રૂટ, એક દિવસ સલાડ વગેરે આપી શકાય, શાળા છોડી ગયેલા બાળકો દ્વારા તથા અન્ય બાળકો દ્વારા આ પ્રવૃત્તિ ચાલે છે બાળકો હોંશભેર ભાગ લે છે કારણ કે આ પ્રવૃત્તિ બાળકોને ગમે છે, ફણગાવેલા કઠોળની સાથે ધાણાભાજી, ટમેટા, ડુંગળી વગેરેનું સરસ મજાનું ડેકોરેશન કરતા શીખવી શકાય. આ સેવા મૂલ્ય વર્ધિત સેવા છે નાસ્તાની કિંમત માત્ર બે કે ત્રણ રૂપિયા રાખી શકાય.

આ પ્રવૃત્તિથી બાળકોના આરોગ્યમાં સુધારો થાય છે. સામાન્ય રીતે કેટલાંક બાળકો બે – પાંચ – દસ રૂપિયા લઈને શાળાએ આવતાં હોય છે, એ રકમમાંથી રીસેષ દરમ્યાન ગોલા, ગુલ્ફી, ભૂંગળા, વેફર્સ, મીઠી સોપારી, ચોકલેટ, બિસ્કીટ જેવા બજારૂ ખાદ્ય પદાર્થો લેતા હોય છે અમુક તળેલા પદાર્થો, મીઠા પદાર્થો તથા કલર વાળા પદાર્થો ખાવાથી બાળકો બીમાર પડતા હોય છે.

બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય છે બાળકો હોંશે હોંશે પૂછતા હોય છે આજે ઈકો કલબ કેન્ટીનના આરોગ્ય નાસ્તામાં શું આઈટમ છે ? ઈકો કલબ કેન્ટીનમાં બાળકો ડીશ તરીકે ખાખરાના પાન, તથા બદામના પાન કે શાળાની પસ્તીના કાગળનો ઉપયોગ કરી શકે છે.

આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સંચાલન શકિતના ગુણો વિકસે છે. આ પ્રવૃત્તિ ઉપરાંત આરોગ્ય રેલી, આરોગ્યને લગતાં સાંસ્કૃતિક કાર્યક્રમો, યોગ, રમતો વગેરે દ્વારા પણ પ્રકૃત્તિમાતાનું વૈદુ કરી શકાય.

## ❁ ? (વિચારમાં પડી ગયાને ?)

ઈકો કલબના વિચાર વિસ્તાર તથા સમજને જો પ્રશ્નો દ્વારા સાંકળવામાં આવે તો જિજ્ઞાસા સાથે જ્ઞાન પણ મળે અને ઈકો કલબની પ્રવૃત્તિઓને વેગ પણ મળે. ઈકો કલબને લગતા પ્રશ્નો અને પ્રવૃત્તિઓને લઈ પ્રશ્નમંચ, પ્રશ્નકવીઝ, પૂછવું હોય તે પૂછો વગેરે જેવી સ્પર્ધાઓ યોજી શકાય.

આ સ્પર્ધાઓમાં વૃક્ષો, પશુ – પંખીઓ, વનો, પ્રકૃતિના વિવિધ તત્વો જેવા કે પવન, વરસાદ, પાણી તેમજ વન્ય જીવો આરોગ્ય, સ્વચ્છતા વગેરેને લગતાં પ્રશ્નો પૂછી શકાય. આ માટે વન વિભાગ દ્વારા બહાર પડતાં વન્ય જીવન પ્રશ્નમંચ પુસ્તકનો ઉપયોગ કે વેબસાઈટનો ઉપયોગ કરી શકાય. ગુગલમાં Quiz લખીને સર્ચ કરી શકાય.

વિજેતાને ઈનામ તથા પ્રોત્સાહન રૂપે ઈકો સિમ્બોલવાળું પ્રમાણપત્ર અથવા તો પર્યાવરણ પ્રત્યે પ્રેમ જાગે તેવું સારૂં પુસ્તક ભેટ આપી શકાય.

## ❁ ઈકો પ્રોજેકટ :

ઈકો કલબ દ્વારા પર્યાવરણ બચાવવા માટેની અનેક પ્રવૃત્તિમાંની એક છે ઈકો પ્રોજેકટ પ્રવૃત્તિ, પ્રોજેકટ સમૂહમાં, ગ્રુપવાઈઝ કે વ્યકિતગત રીતે કરવી શકાય છે. આ પ્રવૃત્તિ આપણે વર્ષોથી કરતાં આવ્યા છીએ આ પ્રવૃત્તિ દ્વારા શિક્ષકે બાળકોના ફકત માર્ગદર્શક બની, તેમને શીખતા કરવાના છે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકો સતત પ્રકૃતિ સાથેના સહવાસમાં રહેશે અને પ્રકૃતિને જાણશે, માણશે તેમજ તેનું રક્ષણ કરશે. જરૂર જણાય ત્યાં ચિત્રો ચોંટાડશે અથવા દોરશે. પ્રોજેકટથી બાળકોની બુદ્ધિશકિત, ચાતુર્ય અને પ્રકૃતિ ભાવનાનો વિકાસ થાય છે.

પ્રત્યેક પ્રોજેક્ટ માટે હેતુ, સાધનો, પૂર્વ તૈયારી, પદ્ધતિ, પ્રશ્નોતરી કરવાની હોય તો તે અંગેના પ્રશ્નો વગેરે બાબતો અગાઉથી વિચારવી જરૂરી છે. જે તમામ વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે કહી શકાય. અત્રે વિદ્યાર્થીઓને રસ પડે તેવા કેટલાક પ્રોજેક્ટની વિગતો આપવામાં આવેલ છે. તેમજ એક પ્રોજેક્ટ નમૂના સ્વરૂપે પણ મૂકવામાં આવેલ છે.

**૭૪ ઈકો કલબ અંતર્ગત શાળા કક્ષાએ હાથ ધરી શકાય તેવા પ્રોજેક્ટની યાદી, ઉદેશ્ય અને પ્રવૃત્તિ**

**૧) વૃક્ષ પરનું જીવન પ્રોજેક્ટ :**

***હેતુ*** : વૃક્ષ પર અનેક પ્રકારના જીવજંતુ વસે છે. તેનો પરિચય કેળવે અને વૃક્ષની મહતા સમજે.

***પ્રવૃત્તિ*** : વર્ગના દરેક બાળકને શાળાનું એક – એક વૃક્ષ સોંપી, તે વૃક્ષ પરના પંખી, જંતુ, વૃક્ષ નીચે જમીનમાં રહેતા જંતુ વગેરેના અભ્યાસ કરી તેની સંખ્યા, રંગ, જીવનો પ્રકાર, ખોરાક, ખોરાક લેવાની રીત, વૃક્ષના કયા ભાગમાં રહે છે. તેનું મુદાવાઈઝ વિવરણ કરી નોંધ કરવી.

**૨) પક્ષીઓનું સ્નાનાગાર :**

***હેતુ*** : બાળકો પ્રકૃતિ અને પંખીઓના જીવનમાં રસ લેતાં થાય.

***પ્રવૃત્તિ*** : શાળાના બગીચામાં વૃક્ષ પર પક્ષીઓ માટે લટકાવેલા પાણી પીવાના અને સ્નાન કરવાના કૂંડાઓનું અવલોકન કરી પક્ષીની પાણી પીવાની રીત, ન્હાવાની રીત, ન્હાવા આવનાર પંખીના નામ, તેમનો દેખાવ, નિયમિત ન્હાવા આવનાર પક્ષીના નામ, કયારેક ન્હાવા આવનાર પંખીના નામ આ પ્રકારે મુદાવાઈઝ વિવરણ કરી પ્રોજેક્ટ તૈયાર કરાવી શકાય.

**૩) પક્ષીઓના પીછા, ઈંડા અને માળાઓ અંગેનો પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળકો પક્ષીઓના ઈંડા અને માળાનું જનત કરતા થાય.

***પ્રવૃત્તિ*** : બાળકને શાળામાંથી કે અન્ય સ્થળેથી પીછા એકઠા કરાવી તે નોટબુકમાં ચોટાડાવી, તેના રંગ, આકાર, કયાંથી મળ્યા ? કયાં પંખીના છે ? વગેરે જેવી બાબતોનું વિવરણ કરાવવું. ઈંડાનું નિરીક્ષણ કરી કયાં પંખીના ઈંડા છે ? તેનો આકાર, રંગ, વિશિષ્ટતા વગેરે નોંધવી શકાય. કયું પંખી અંદાજે કેટલા ઈંડા મૂકે છે ? કયા સ્થળે ઈંડા મૂકે છે ? ઈંડાનું સેવન કોણ કરે છે ? કઈ રીતે કરે છે ? ઈંડામાંથી કયારે બચ્ચું બહાર નીકળે છે ? વગેરે વિગતોની નોંધ કરાવવી, વિવિધ પ્રકારના માળાનું નિરીક્ષણ કરાવી, તેના આકાર, ગૂંથણી, શેમાંથી બનાવેલ છે ? કયાં બનાવેલ છે ? કયા પંખીના માળા છે, તેની નોંધ કરી પ્રોજેક્ટ બનાવવો.

**૪) ઔષધીય વનસ્પતિનો પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળકો ઔષધીય વનસ્પતિઓ વિશે જાણે અને યોગ્ય ઉપયોગ કરે.

***પ્રવૃત્તિ*** : બાળકો વિવિધ પ્રકારની ઔષધિય વનસ્પતિના ચિત્રો દોરીને કે પર્ણ ચોંટાડીને પર્ણપોથી બનાવી તેની સામે તેના કયા ભાગનો, કયા રોગમાં ઔષધિ તરીકે ઉપયોગ થાય છે અને તે કયા વિસ્તારમાં થાય છે. તે અંગેની વિગતો નોંધી પ્રોજેક્ટ તૈયાર કરશે.

**૫) ઋતુ અનુસાર વનસ્પતિમાં થતાં ફેરફારનો અભ્યાસ અંગેનો પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળક ઋતુ અનુસાર થતા ફેરફારથી વાકેફ થશે અને ઋતુની વનસ્પતિ પર થતી અસર વિશે જાણશે.

***પ્રવૃત્તિ*** : વર્ગના દરેક બાળકો તેની આસપાસની કોઈ પણ વનસ્પતિના છોડ, ક્ષુપ કે વૃક્ષ પર ઋતુ અનુસાર કયા કયા ફેરફાર થાય છે તેની નોંધ કરશે. દા.ત. કઈ ઋતુમાં કઈ વનસ્પતિમાં ફૂલ આવે, કયારે ફળ આવે, કઈ ઋતુમાં પર્ણ ખરે, કઈ ઋતુમાં નવા પર્ણ ફૂટે, કઈ વનસ્પતિના પર્ણ એક સાથે ખરતાં નથી, કઈ ઋતુમાં વનસ્પતિનો વધારેમાં વધારે વિકાસ થાય, કઈ ઋતુમાં વનસ્પતિનો વિકાસ મંદ ગતિએ થાય વગેરેની નોંધ કરવા આપી શકાય.

**૬) વનસ્પતિના બીજનો પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળકો વિવિધ વનસ્પતિના બીજને ઓળખે.

***પ્રવૃત્તિ*** : બાળકો વિવિધ પ્રકારના બીજ પ્લાસ્ટીકની નાની કોથળીમાં ભરી, અલગ–અલગ પેઈજમાં ચીપકાવી, તે બીજના રંગ, આકાર, બીજના પ્રકાર, કઈ ઋતુમાં તે બીજ મળે, બીજના ઉપયોગ વિશે વિગતવાર વર્ણન કરી પ્રોજેક્ટ તૈયાર કરી શકે.

**૭) ગૌધન ભારતની ધરોહર પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળકો ગાયનું જતન કરશે અને પૂજન કરશે.

***પ્રવૃત્તિ*** : બાળકો ગૌ આધારીત પ્રાપ્ત થતી વસ્તુઓ તેના ઉપયોગ અને તેના ઉપયોગથી પર્યાવરણને કઈ રીતે લાભ થશે તેની વિગતવાર નોંધ કરશે.

**૮) લોકમાતા નદીઓનો પ્રોજેક્ટ :**

***હેતુ*** : બાળકો નદીઓને પૂજ્ય ગણી તેની સ્વચ્છતા જાળવશે અને તેના પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરશે.

***પ્રવૃત્તિ*** : બાળકો દેશ અને દુનિયાની નદીઓની માહિતી એકઠી કરી તેનું વર્ગીકરણ કરશે તેના પ્રદૂષણ વિશે, પ્રદૂષણ દૂર કરવા વિશે, નદી પરના બંધ વિશે, નદીના રૌદ્ર રૂપ વિશે, વિવિધ પ્રકારના પુસ્તકો, મેગેઝીનો, સમાચારોમાંથી માહિતી એકઠી કરીને પ્રોજેક્ટ બનાવશે.

**૯) પર્ણ ઉત્ક્રાંતિનો પ્રોજેક્ટ :**

**હેતુ :** બાળકો વનસ્પતિના સાદા પર્ણમાંથી સંયુકત પર્ણ કઈ રીતે ઉદભવ્યા તે સમજે તથા ઉત્ક્રાંતિના જુદા–જુદા તબક્કા વિશે જાણે.

**પ્રવૃત્તિ :** સાદા પર્ણની કિનારીમાં ખાંચ પડે છે જે મધ્યશિરા સુધી પહોંચશે અને ત્યારબાદ પાર્શ્વશિરામાં ખાંચ પડતા તે ખાંચ મધ્ય ભાગ સુધી પહોંચતા ઉત્ક્રાંતિના જુદા–જુદા તબક્કે સંયુકત પર્ણ બનેલ છે. તેના નમૂના એકત્રિત કરશે.

**૧૦) વરસાદ, પવનની દિશા અને તાપમાનનો અભ્યાસ દર્શાવતો પ્રોજેક્ટ :**

**હેતુ :** વરસાદ અને તાપમાનનું માપન, પવનની દિશા જાણે તથા વૈજ્ઞાનિક ઢબે માહિતી એકત્ર કરી ગુણાત્મક, સંખ્યાત્મક કે આલેખ દ્વારા માહિતી એકત્રિત કરતાં શીખે.

**પ્રવૃત્તિ :** આ પ્રોજેક્ટ માટે જૂનથી ઓકટોબર મહિના સુધીમાં પડેલ વરસાદની નોંધ કરી, તેની આંકડાકીય માહિતી એકત્રિત કરી, કયા માસમાં કેટલો વરસાદ થયો તેની માહિતી, સ્તંભ આલેખ, વર્તુળ આલેખ કે ગ્રાફ દ્વારા તેમજ સંખ્યાત્મક, તુલનાત્મક રીતે આપશે અને તારણ મેળવી શકશે.

**૧૧) દાંતની સ્વચ્છતાનો અભ્યાસ :**

**હેતુ :** બાળકો દાંતનું મૂલ્ય સમજે તથા તેની સ્વચ્છતા બાબતની સભાનતા કેળવે.

**પ્રવૃત્તિ :** બાળકો દાંતની સ્વચ્છતા માટે કઈ–કઈ વનસ્પતિના દાતણનો ઉપયોગ કરે છે તે દાતણના નામ અને ઉપયોગ લખશે તેમજ વિવિધ પ્રકારના દંતમંજન કઈ રીતે બનાવી શકાય, તેમજ દાંત સ્વચ્છ રાખવાની વિવિધ રીતો વિશે લખી પ્રોજેક્ટ બનાવશે.

**૧૨) પ્રાકૃતિક પધ્ધતિ દ્વારા અનાજની જાળવણી :**

**હેતુ :** બાળકો ખાદ્ય પદાર્થોને વિવિધ રસાયણોની આડ અસર વિના સાચવવા અંગે જાણે તથા પ્રાકૃતિક પધ્ધતિ દ્વારા અનાજ કઈ રીતે જાળવવું તે જાણે.

**પ્રવૃત્તિ :** ખાદ્ય પદાર્થોને સામાન્ય રીતે લીમડાના પર્ણ, લીંબોળી, રાખ, મરચાના બીયા, રેતી, મીઠુ ભેળવી એરંડીયુ લગાવી કઈ રીતે જાળવી શકાય તે અંગે તેમજ કેરી, કેરડા વગેરે અથાણાંને હળદર, મીઠાના પાણીમાં ડુબાડી, ખાંડ કે ગોળ વધુનાખીને અથવા ભેજ દૂર કરી કઈ રીતે જાળવી શકાય તેનું વર્ણન કરી પ્રોજેક્ટ બનાવશે.

**૧૩) વિશિષ્ટ વનસ્પતિનો પ્રોજેક્ટ :**

**હેતુ :** બાળકો વિશિષ્ટ વનસ્પતિઓ વિશે જાણે.

**પ્રવૃત્તિ :** વિશિષ્ટ વૃક્ષ એટલે બીજા વૃક્ષ કરતા ખાસ કોઈ વિશિષ્ટ લક્ષણ ધરાવતું હોય તેવું વૃક્ષ. આવા વૃક્ષોના નમૂના અથવા વિશિષ્ટ લક્ષણ ધરાવતા ભાગનું કલેકશન કરવામાં આવે અને

તેની માહિતી લખવામાં આવે. દા.ત. સૂર્યમુખી, વડ, પીપળો, ચીની ગુલાબ, લજામણીનો છોડ, મફગળી, કેળ વગેરેની વિગતો નોંધી પ્રોજેક્ટ બનાવવો.

**"લો મૂકો લાપસીના આંધણ ! એક માણસને ઝાડ વાવવાનું મન થયું"**

### ૧૪) વૃક્ષ ઉછેરની વિવિધ પધ્ધતિઓ :

***હેતુ*** : બાળકો પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરતાં શીખે.

***પ્રવૃત્તિ*** : બાળકો પાણીની બચત કરીને વિવિધ રીતે વૃક્ષનો ઉછેરવાની નવી પ્રવૃત્તિઓનો અભ્યાસ કરી તેના વિશે પ્રોજેક્ટ બનાવશે. દા.ત. માટલા પધ્ધતિ, ટપક સિંચાઈ પધ્ધતિ, ફૂવારા પધ્ધતિ વગેરે

### ૧૫) ભેજ – એક નુકશાનકર્તા કુદરતી પરીબળના અભ્યાસ :

***હેતુ*** : બાળકો ભેજથી થતાં નુકશાન વિશે જાણે.

***પ્રવૃત્તિ*** : બાળકોને કુદરતી પરીબળ ભેજ વિશેની સમજ આપી, ભેજ દ્વારા બાંધકામને થતાં નુકશાન ઘર વપરાશ અને ખેતીના ઓજારને નુકશાન વિશે, ભેજના લીધે થતા જીવજંતુના ઉપદ્રવ વિશે, ભેજથી થતા ચામડીના વિવિધ પ્રકારના રોગ વિશેની માહિતી આપવી.

### ૧૬) જલજ વનસ્પતિનો અભ્યાસ :

***હેતુ*** : બાળકો જલજ વનસ્પતિ વિશેનું જ્ઞાન મેળવે.

***પ્રવૃત્તિ*** : બાળકો જલના સ્ત્રોત વિશેની સમજ આપી, નજીકના સ્ત્રોતમાં થતી વિવિધ જલજ વનસ્પતિ જેવી કે, ખારા અને મીટા પાણીની વનસ્પતિની સમજ આપી, તેને કલેકશન કરી નમૂનાને પ્લાસ્ટિક ફોલ્ડર, બોક્સ કે પાણીની બોટલમાં શાળામાં પ્રદર્શનમાં મૂકો જાળવવા.

### ૧૭) બાળકોની ફીજીકલ ફીટનેસ (વજન & ઊંચાઈ)નો અભ્યાસ :

***હેતુ*** : બાળકો શારીરિક તંદુરસ્તીનું મૂલ્ય સમજે, સંરક્ષણ ક્ષેત્રે ફિજીકલ ફીટનેસની અગત્યતા વિશે જાણે અને આંકડાકીય તથા આલેખ માહિતી તૈયાર કરી તારણો તારવે.

***પ્રવૃત્તિ*** : બાળકોના વજન તથા ઊંચાઈ દર માસની પ્રથમ તારીખે નોંધી લઈ વર્ગનું સરેરાશ વજન તથા ઊંચાઈ મેળવી શકાય એ જ રીતે વર્ષના અંતે મળેલી વિગત કોષ્ટકમાં તથા આંકડાકીય રીતે તેમજ આલેખ દ્વારા આપી શકાય અને છોકરા તથા છોકરીના વજન તથા ઊંચાઈ આલેખ જુદા–જુદા પ્રકાર સ્વરૂપે દર્શાવી શકાય.

અત્રે પ્રોજેક્ટ બાબતની વિશેષ જાણકારી પ્રાપ્ત થાય તે માટે એક નમૂનાનો પ્રોજેક્ટ આપેલ છે.

**" વૃક્ષની મહાનતા પુરાણે વખાણી,**

**માનવીએ જરાપણ કદર ન જાણી"**

## ❁ ઈકો ક્રીડા :

શાળાએ આવતા બાળકોનો માત્ર બૌદ્ધિક વિકાસ જ નહીં પરંતુ, સર્વાંગી વિકાસ થાય તે જોવું એ શિક્ષકની ફરજ બની રહે છે. તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મન વિકસે છે, તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કે જેમાં બાળકોને શારીરિક અને માનસિક કસરત થાય તે કરાવવી જરૂરી છે. આ માટે મેદાનની રમતો તેમજ યોગ ઉત્તમ નીવડે છે. કારણ કે તેના દ્વારા બાળકોમાં રહેલી સામાજિકતા પણ કેળવાય છે. વળી, મિત્રતા, નીડરતા, ખેલદીલી, ખુમારી, સેવા, સંઘભાવના જેવા ઉદાત્ત ગુણોનો બાળકમાં વિકાસ થાય છે, તેમાંયે જો રમતોની સાથે પર્યાવરણને જોડવામાં આવે તો સોનામાં સુગંધ ભળે છે. તો ચાલો, જોઈએ કેટલીક આવી ***પર્યાવરણલક્ષી રમતો એટલે કે, ઈકો ક્રીડા*** અને હા, એ ન ભૂલીએ કે વિજેતા બાળકોને પ્રોત્સાહન આપવાથી તેમનો ઉત્સાહ અનેક ગણો વધે છે, તેથી આવી રમતો દરમ્યાન જે ગ્રુપ કે બાળક વિજેતા બને તેને પર્યાવરણલક્ષી ભેટ જેવી કે, સુંદરફૂલ, ફળ, ઔષધિ, જડીબુટ્ટી, તજ – લવિંગ, એલચી, કાજુ, બદામ કે છોડ આપી શકાય, ગ્રુપ જો મોટું હોય અને ભેટ આપવી શકય ન હોય તો 'પ્રકૃતિપ્રેમી............ ગ્રુપ' એવું બોલીને ત્રણ તાળીનું સન્માન આપી શકાય.

(૧) ***મને ઓળખો :***

૧) પ્રથમ વર્ગના બાળકોના બે ગ્રુપ પાડવા.

૨) બંને ગ્રુપને પ્રકૃતિના તત્વોના નામ આપવા.

૩) ક્રમ પ્રમાણે બંને ગ્રુપમાંથી એક એક બાળકને બોલાવી આંખે પાટો બાંધી એક વૃક્ષ પાસે લઈ જવા.

૪) બાળક વૃક્ષના પર્ણ, ફૂલ, ફળ કે થડને સ્પર્શ કરીને તે વૃક્ષ ઓળખવાનો પ્રયત્ન કરશે અને વૃક્ષનું નામ આપશે.

૫) આવી રીતે બંને ગ્રુપના બધા જ બાળકો એક પછી એક આવીને વૃક્ષને ઓળખવાનો પ્રયત્ન કરશે.

૬) જે ગ્રુપમાંથી વધારે સભ્યો વૃક્ષને ઓળખશે તે ગ્રુપ વિજેતા બનશે.

***"વૃક્ષથી આ જીવનસૃષ્ટિ વૃક્ષ વિના તો અનાવૃષ્ટિ,***
***સહુ કરી આ વાતની પૃષ્ટિ, ન બદલાઈ કાં તારી દ્રષ્ટિ ?"***

(૨) ***ચટ સવાલ પટ જવાબ :***

૧) બાળકોના બે ગ્રુપ પાડવા

૨) ગ્રુપને પ્રકૃતિના નામ દ્વારા આગવી ઓળખ આપવી.

૩) બંને ગ્રુપના બાળકોને સામ સામે બેસાડવા.

૪) શિક્ષકે વચ્ચે બેસવું.

૫) એક શિક્ષક નિર્ણાયક તરીકે રહેશે.

૬) વચ્ચે બેઠેલા શિક્ષક કોઈપણ એક વૃક્ષનું નામ બોલશે.

૭) બાળકોએ તુરત જ તે વૃક્ષના ફળનું નામ બોલવાનું રહેશે.

૮) જે ગ્રુપ પ્રથમ જવાબ આપશે તેને પોઈન્ટ મળશે.

૯) આમ જે ગ્રુપ વધારે પોઈન્ટ મેળવશે તે વિજેતા બનશે.

***નોંધ :–*** દરેક બાળકો એકસાથે બોલે ત્યારે નિર્ણાયકે સાવધાની રાખવાની રહે.

(૩) ***ચાલો, પ્રાણી બનીએ :***

૧) બાળકોને વર્તુળાકારે બેસાડવા.

૧) જંગલી કે પાલતુ પ્રાણીઓના નામની ચિઠ્ઠીઓ બનાવવી.

૨) આ ચિઠ્ઠીઓને ટેબલ પર એક ખૂલ્લા બોકસમાં મૂકવી.

૩) બાળકો ક્રમ પ્રમાણે આવી તેમાંથી એક – એક ચિઠ્ઠી ઉપાડશે.

૪) ચિઠ્ઠીમાં જે પ્રાણીનું નામ નીકળે તે પ્રાણીના અવાજ તથા ચાલવાની એકશન બાળકે કરવાની રહેશે.

૫) આમ બાળકો જંગલી તથા પાલતુ પ્રાણીઓના નામ, અવાજ તથા ચાલવાની રીતની મિમિક્રી કરીને તે દ્વારા આનંદ મેળવશે તેમજ પ્રાણીથી પણ પરિચિત થશે.

(૪) ***ટચ ધ ટ્રી :***

૧) વર્ગના બાળકોને શાળાના મેદાનમાં લઈ જવા દસ–દસ બાળકોની આડી કતાર બનાવવી.

૨) શિક્ષક શાળા સંકુલમાં આવેલા કોઈપણ એક વૃક્ષનું નામ બોલશે.

૩) કતારમાં ઊભેલા બાળકો દોડીને શિક્ષકે બોલેલા વૃક્ષને અડકીને પાછા આવશે.

૪) દરેક કતારમાંથી સૌ પ્રથમ અડકીને આવેલ બે બાળકોને અલગ બેસાડવા.

૫) આમ શિક્ષક જેટલા વૃક્ષના નામ બોલશે તેનાથી બમણા આવેલ બાળકો છેલ્લે થશે.

૬) હવે આ પ્રથમ આવેલા બાળકોને ફરીથી આજ રીતે રમત રમાડવી તેમાં જે પ્રથમ આવે તેને વિજેતા જાહેર કરવો.

(૫) ***અચકો મચકો કારેલી :***

૧) આ રમત શિક્ષક વિદ્યાર્થી વચ્ચે રમવાની છે.

૨) આ રમત શિક્ષક અને વિદ્યાર્થીઓ બન્નેને આનંદ પ્રાપ્ત કરાવનારી છે.

૩) અહીં શિક્ષક બાળકોને વર્તુળાકારે બેસાડશે અને પોતે પણ તેમની સાથે જ બેસશે.

૪) આ રમત અંતર્ગત પ્રકૃતિના જુદા–જુદા તત્વો, પ્રકૃતિ પાસેથી વિના મૂલ્યે મળતી ભેટો વગેરે યાદ કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાની હોય છે.

૫) રમત રમાડતા પહેલા શિક્ષક પોતાની બરાબર સામે એક નાનું વર્તુળ દોરાવશે.

૬) શિક્ષક પોતાની પાસે પ્રાકૃતિક ભેટો લઈને બેસશે.

૭) શિક્ષક વિદ્યાર્થી વચ્ચે નીચેના જેવા વિધાનોનો ગેય સ્વરૂપમાં સંવાદ તેમજ અભિવ્યકિત થશે.

૮) શિક્ષક : આજે કોણે દાતણ કર્યુ રાજ ?

બાળકો : અચકો મચકો કારેલી

શિક્ષક : તેને દાતણ આપીને સન્માનીએ રાજ......

બાળકો : અચકો મચકો કારેલી

૯) જે બાળકોએ દાતણ કર્યુ હશે તે ઊભા થઈને શિક્ષક પાસે દોરેલા વર્તુળમાં જશે. શિક્ષક તે બધાને લીમડા / વડ કે કરંજનું દાતણ આપશે.

આ રીતે શિક્ષક દરેક વખતે નીચે મુજબના અલગ–અલગ વિધાનો ગેય સ્વરૂપમાં બોલશે અને બાળકો સમૂહમાં અચકો – મચકો કારેલી બોલશે. જે બાળકોએ પર્યાવરણલક્ષી ક્રિયાઓ કરેલ હશે તેમને શિક્ષક સાથોસાથ સન્માનિત કરતા જશે, આ રીતે રમત આગળ ચાલશે.

– આજે કોણે ફળ ખાધું રાજ ? અચકો મચકો કારેલી

– તેને ફળ એક આપું રાજ ... અચકો મચકો કારેલી

– વૃક્ષને કોણે વ્હાલ કર્યુ રાજ ? ... અચકો મચકો કારેલી

– તેને તાળીથી વધાવીએ રાજ... અચકો મચકો કારેલી

– આજે કોણે છોડ વાવ્યો રાજ ? ... અચકો મચકો કારેલી

– તેને છોડ એક આપું રાજ... અચકો મચકો કારેલી

– વૃક્ષને કોણે પાણી પાયું રાજ ?... અચકો મચકો કારેલી

– તેને લવિંગ એક આપું રાજ... અચકો મચકો કારેલી

– કોણે લીંબુનું શરબત પીધુ રાજ... અચકો મચકો કારેલી

– તેને બીલુ એક આપું રાજ... અચકો મચકો કારેલી

– આજે કોણે ઊકાળો પીધો રાજ ?... અચકો મચકો કારેલી

– તેને બદામ એક આપું રાજ... અચકો મચકો કારેલી

– કોણે ઔષધિ સેવન કર્યુ રાજ... અચકો મચકો કારેલી

– તેને એલચી એક આપું રાજ... અચકો મચકો કારેલી

– આજે કોણે નખ કાપ્યા રાજ ? ... અચકો મચકો કારેલી

– તેને હસીને માન આપીએરાજ... અચકો મચકો કારેલી

ઉપર મુજબ સ્થાનિક પરિસ્થિતિ અનુસાર પંકિતઓ જોડી શકાય અને રમત રમાડી શકાય.

(૬) ***પ્રકૃતિમાતા અપની માતા :***

૧) બાળકોને ચક્રાકારે ગોઠવી દો.

૨) એક બાળકને લીડર બનાવો.

૩) લીડર બાળક વચ્ચે ઉભો રહી બે તાલી અથવા ચપટ્ટી વગાડીને બોલશે કે પ્રકૃતિમાતા અપની માતા, ચલો કર હમ ઉનકી બાતાં શાકભાજીના નામ બોલો. આ રીતે શાકભાજીના નામ બોલવાની સૂચના આપશે.

૪) ક્રમાનુસાર બધા બાળકો એક એક નામ બોલતા જશે વચ્ચે જે બાળક ચૂકી જાય તે આઉટ એકનું એક નામ ફરીથી ન આવે તે ઘ્યાન રાખવાનું રહેશે.

૫) આમ છેલ્લે સુધી રહેલ બાળક વિજેતા બને.

૬) આ રમતમાં આ જ રીતે વૃક્ષો, ફળ, ફૂલ, પ્રાણી, પંખી વગેરેના નામ ઉપયોગ કરીને પણ રમત રમાડી શકાય.

(૭) ***હાઉસી :***

૧) સૌ પ્રથમ શિક્ષકે જુદા–જુદા વૃક્ષો, ફૂલ, છોડ, પ્રાણી, પંખી, ફળ વગેરેના નામનો ઉપયોગ કરીને વીસ જેટલા કાર્ડ તૈયાર કરવા.

૨) દરેક સ્પર્ધા કાર્ડમાં ઉપર જણાવેલ વૃક્ષ, ફૂલ, છોડ, પ્રાણી, પંખી, ફળ બધા મળીને દશ નામ લખવા.

૩) વીસ બાળકોને આ કાર્ડ વહેંચીને શિક્ષકે તેમને પોતાની સામે બેસાડવા.

૪)	કાર્ડમાં લખેલા બધા જ નામોની એક – એક ચિઠ્ઠી લખીને અલગ એક બોકસમાં રાખી તેને ટેબલ પર મૂકવું.

૫)	હવે શિક્ષક આ બોકસમાંથી એક ચિઠ્ઠી કાઢીને અંદરનું નામ બોલશે, જે બાળકના કાર્ડમાં તે નામ હશે તે એ નામને છેકી નાખશે.

૬)	આમ જે બાળકના કાર્ડમાં તમામ નામ છેકાઈ જશે તે પ્રથમ આવશે, તેને ઈનામ આપી પ્રોત્સાહીત કરવો.

૭)	ફરીથી રમત આગળ ધપાવવી.

(૮) ***કહો, હું કોણ ?***

૧)	બાળકોને ગોળાકાર આંખો બંધ રખાવીને, નોટપેન સાથે બેસાડવા.

૨)	કોઈપણ એક ફળના ટૂકડા કરી દેરક બાળકને ટૂકડો ખાવા આપવો.

૩)	ધીમે ધીમે ચાવીને ટૂકડો ખાવાની સૂચના આપવી.

૪)	બધા જ ખાઈ લે પછી આંખો ખોલાવીને જે ફળ ખાધું હોય તેના વિશે દસ વાકય લખવાની સૂચના આપવી.

૫)	દરેકના વાકય વંચાવવા.

૬)	જેણે સાચું અને સુંદર લખ્યું હોય તેને પ્રોત્સાહિત કરવા.

❁ ***ઈકો નાટકો :*** (લેખનઃ પંડયા હંસાબેન શાંતિલાલ,આર્યભટ્ટ પ્રા.શાળા નં.૭૩,રાજકોટ શહેર)

પર્યાવરણ અંગેની લોકજાગૃતિ માટે આપણે ગ્રામ્ય વિસ્તારમાં નાટકો ભજવતાં જ હોઈએ છીએ, અત્રે આપેલા નાટકો શિક્ષકોના સ્વરચિત નાટકો છે. તે વાંચીને ભજવીએ અને તેમાંથી આ પ્રકારના નાટકો લખવા માટેની પ્રેરણા લઈએ.

**૭૩	આપણે કયારે જાગીશું ?**

***પાત્રો : સાસુ અને વહુ***

**સ્થળ : ગામડાના ઘરના રસોડાનું દશ્ય**

(સાસુ ફૂંકણીથી ચૂલો ફૂંકે છે અને વહુ પ્રવેશે છે.)

વહુ : બા, આ તમે શું કરો છો ? રસોડામાં ધૂમાડો કેટલો બધો છે અને તમારી આંખ તો જૂઓ ! રાતીચોળ થઈ ગઈ છે.

સાસુ : બેટા, અમે તો ચૂલાથી ટેવાઈ ગયા છીએ, તમે શે'રમાંથી આવો એટલે નવું નવું લાગે, આ ગામડાઓમાં ગેસ કે કેરોસીન તો ટાઈમે મળે નહીં, ફરજીયાત ચૂલો વાપરવો પડે.

વહુ : (શાક સમારવા બેસે છે) બા હવે તો સૂર્ય ઊર્જાથી રસોઈ થાય છે. સૂર્યકુકરમાં રસોઈ બનાવવાથી નહીં જોવાની ઝંઝટ કે નહીં દાઝવાની બીક. વળી, એકવાર ખરીદી લ્યો. એટલે, તેમાં કશો વધારાનો ખર્ચ નહીં.

સાસુ : બેટા, આપણે તો ઢોરઢાંખરને કારણે છાણેય ઘણું હોય, એને કયાં નાખવું ?

વહુ : બા, એના ઉપયોગથી ગોબરગેસ પ્લાન્ટ ચાલે છે, હવે તો ગામડામાં પણ ઘરે–ઘરે ગોબરગેસ થઈ ગયા છે. ને વળી, ધુમાડાનું નામ નહીં.

સાસુ : (નવાઈથી) એવું હોય વળી ?

વહુ : હા બા, પાછો એમાં વધેલો કચરો ખેતીમાં ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

સાસુ : તે હેં વહુ એના માટે શું કરવું ?

વહુ : બા, એ બધું તમારા દીકરા કરી આપશે. તમે ફકત હા પાડો.

સાસુ : બેટા, જો સારૂ થતું હોય તો હું શું કામ ના પાડું ?

વહુ : (સાવરણો લઈને ફળીયું વાળે છે) અને હા બા, આ વખતે આ ખૂણામાં જાજરૂ પણ બનાવી દઈએ.

સાસુ : બેટા, આપણે પાદર કયાં છેટું છે ? તે આવા ખોટા ખર્ચા કરવા.

વહુ : બા, ખૂલ્લામાં જાજરૂ જવાથી ગંદકી ફેલાય છે અને અનેક જાતના રોગ થાય છે. અને રહી વાત ખર્ચાની તો તે સરકારમાંથી જાજરૂ બનાવવાના રૂા.૧૨૦૦/– આપવામાં આવે છે. અને ન આપે તો આ તો આપણા માટે બનાવવાનું છે. બા, અત્યારે તો તમે સાજા સારા છો, પણ ઉંમર વધશે પછી થોડા દોડા થશે ?

સાસુ : હા બેટા, અત્યારે તો કુણા ગલકા જેવા છીએ.

વહુ : બા એ તો તમે સવારે વહેલા ઊઠો, ઘરનું કામ કરો, ખેતી વાડી સંભાળો એટલે ખોરાક સારો લઈ શકો, અને મહેનત કરવાથી શરીર ઉપર ખોટી ચરબી પણ ચડતી નથી.

સાસુ : બેટા, તમારે ત્યાં શેરમાં તો સવારે બાયુંને ભાયું કેવા હડીયાપટી કરતાં હોય નય ? લફડ ફફડ લફડ ફફડ (બા, ચાલવાની સ્ટાઈલ કરે છે.)

વહુ : (હસતાં હસતાં)બા એ લફડ ફફડ નહીં વોકીંગ કરે છે, શહેરમાં બધુ કામ કામવાળા પાસે કરાવે, બહારનું જેવું તેવું ખાવાનું પેટમાં પધરાવે. પછી, શરીર વધી જાય એટલે કસરત કરવા નીકળે.

સાસુ : એય ગામડામાં તાજી હવા, તાજા છાશ, દૂધ અને શાકભાજી જયારે શે'રમાં તો અઠવાડીયાનું હારે લઈ ફ્રિઝમાં રાખી મૂકે અને પછી ખાય.

વહુ : બા, ગામડાનું જીવન સુખી છે પણ એમાંય સડો પ્રવેશ્યો છે.

સાસુ : એ કઈ રીતે ?

વહુ : ખેતીમાં વધારે પાક લેવા વધારે પડતા રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, પશુઓ પાસેથી વધારે દૂધ લેવા અપાતાં ઈન્જેકશનો, બા, આપણે આપણા બાળકોને જન્મતા જ ધીમું ઝેર આપીએ છીએ.

સાસુ : બેટા, આ બધુ બંધ થાય તે માટે કોઈક તો જાગવું પડશે ને ?

વહુ : અરે બા, તમે તો ખૂબ મોટી વાત કરી નાખી, આ માટે ઘણી સંસ્થાઓ કાર્યરત છે, તેમાં પણ શાળા લેવલથી ઈકો કલબની રચના કરવામાં આવે છે, બાળકો સમજશે તો તેના માતાપિતા સુધી આ સંદેશો પહોંચશે, લોકોમાં ઘણી જાગૃતિ આવી છે, માણસો કુદરત તરફ પાછા ફર્યા છે અને બા, તમે કહયું તેમ કોઈ નહીં આપણે જ જાગીશું.

સાસુ : હા, હા આપણે જ જાગીશું અને બીજાને જગાડીશું.

**૭૪ પાણીને ફૂટી વાણી, મને બચાવો કિંમતી જાણી**

***પાત્રો : પતિ, પત્ની, મિત્ર***

***સ્થળ : ગામડાનું ઘર***

(પતિ ખાટલામાં બેઠો છે, પત્ની પાણીનું બેડું લઈ પ્રવેશે છે.)

રાધા : હાશ ! આ પાણી ભરી ભરીને તો મારી કમરના કટકા થઈ ગયા, સવારથી આઘેના કૂવેથી પાણી સીંચી સીંચીને મારા હાથમાં તો છાલા પછી ગયા અને પાછું, ઘરનું કામ તો ઊભુંને ઊભું! આ વહુનું વાસીદુ તો વહુએ જ કરવું પડે, હે ભગવાન ! આવુ દુ:ખ બાપના દૂશ્મનનેય દેતો નહી.

કિશન : અહીંયા તારે હું દુ:ખના દાડા છે કે અત્યારમાં ભગવાનને સંભળાવવા માંડી ? ઘરના કામ સિવાય છે શું ? નથી સીમમાં કામે જવું પડતું ખેતરમાં એકવાર પાક લઈએ છીએ અને ઈયે સારું વરસ થાય તો.

રાધા : એ ખેતરમાં નથી જાવું પડતું એનું તો દુઃખ છે. એયને કૂવામાં પાણી હોય, બારે મહિના ખેતરને વાડી પાકથી લહેરાતા હોય તો મનેય કામ કરવું ગમે, કામ કર્યે મરી ગયું હોય એવું સાંભળ્યું નથી. પણ તમારા ગામમાં પીવાના પાણીનાય ધાંધીયા છે ત્યાં વાડીની વાત જ શું કરવી ?

કિશન : તોય ગામવાળા લેર કરે છે ને ?

રાધા : આ નવરાધૂપ થઈ પાદરમાં બેહી ગંજીપતાથી રમવાને તમે લેર કયો છો ? અરે કામ ન્યાં કરમ છે. તમે થોડીક મેનત કરશો ને તો તમારી પરજા સુખી થાહે. આ નાયાધોવા વગરના છોકરા આંટા મારે છે, કપડાં મેલા પેર્યા છે, તમે જ વિસારો કે આવા ગામમાં દીકરી કોણ દે ? આતો મારા બાપા બિસારા ભોળા કે મને આવા નપાણીયા ગામમાં દીધી, બાકી કૂવામાં નંખાય પણ આવા પાણી વગરના ગામમાં દીકરી નો દેવાય.

કિશન : તારા બાપાએ તને નો દીધી હોત તો હું કુવારો રેત કાં ?

રાધા : હા રેત જ, આ ગામમાં જોવો, ઓલો પોપટબાપાનો પશીયો પાંત્રી વરહનો થયો, શામજીઆતાનો સુરીયો સાલીસનો થયો. આ ગામમાં બીજું કંઈ દુઃખ નથી, છતાં કોઈ ઝટ દીકરી દેતું નથી, એનો તમને વિચાર્ય નથી આવતો ?

કિશન : મને બધી ખબર છે, હું જોવું છું કે આપણા ગામમાંથી કેટલાય શે'રમાં વયા ગયા ઈ પાણીને કરણે જ એને માબાપ છોડવા ગમતા નો હોય, પણ ખેતીમાંય કાંઈ નો રે તો શું કરે ? અને તું પાણી પાણીની રાડયો પાડે છે તે પાણી લાવવું, એની છત કરવી મારા હાથની વાત છે ?

*(મહેશ પ્રવેશે છે.)*

મહેશ : હા પાણીની છત કરવી તારા, મારા અને આપણા હાથની જ વાત છે.

કિશન : અરે આવ મહેશ, તું કયારે આવ્યો.

મહેશ : સીધો બસમાંથી ઉતરીને તારી પાસે જ આવ્યો છું તારી અને ભાભી વચ્ચેની રકઝક સાંભળતો હતો.

કિશન : હા યાર શું કરું ? તું શેરમાં જઈને સુખી થઈ ગયો અને અમે ગામડામાં લોયઉકાળા કરીએ છીએ.

પણ હા તું કહેતો હતો ને પાણીની છત કરવી આપણા હાથની વાત છે.

મહેશ : જો કિશન, જીવન ટકાવી રાખવા હવા અને પાણી જરૂરી છે, તે કુદરતે આપણને આપેલી અમૂલ્ય ભેટ છે, પણ એ પાણી આપણા સુધી લાવવા માટે ખૂબ જ પુરૂષાર્થ કરવો પડે છે, પણ આપણને તેની કિંમત જ નથી.

કિશન : પણ પાણી હવે કયાં મળે છે, પાણીની તો આ મોકાણ છે.

મહેશ : જો કિશન આ ચોમાસું આવી ગયું. આપણે અત્યારથી ઘ્યાન રાખી પાણી સાચવી રાખશું તો એ પાણી આપણને ઉપયોગી થાશે.

રાધા : (ચા નો કપ લઈ પ્રવેશે છે) સારૂ થયું મહેશભાઈ તમે આવી વાત કરી, હું બધાય બેડા, ડોલ, તપેલું ભરી લઈશ.

મહેશ : ભાભી ડોલ, બેડા કે તપેલા ભર્યે પાણી ન સચવાય એના માટે તો ઘરનું પાણી ઘરમાં અને ખેતરનું પાણી ખેતરમાં.

કિશન : મહેશ તું વિગતવાર સમજાવ આમ તારા શે'રની ભાષામાં વાત કર્યે તો મને કાંઈ નહીં સમજાય.

મહેશ : જો કિશન, હાલમાં વરસાદનું પાણી સંગ્રહ કરવાનું એક અભિયાન સરકાર દ્વારા ચાલે છે, તેમાં ભૂગર્ભ ટાંકાઓ, બોરને રીચાર્જ કરવા, તળાવો ઊંડા કરવા, ચેકડેમો બાંધવા વગેરે કાર્યક્રમ હેઠળ ભૂગર્ભ ટાંકા ગ્રાંટ ફાળવે છે.

કિશન : આ ભૂગર્ભ ટાંકા એટલે શું ?

મહેશ : જો કિશન વરસાદનું પાણી વધુમાં વધુ શુઘ્ધ અને ક્ષારમુકત હોય છે દરેક પરિવાર પોતાની જરૂરિયાત મુજબ જમીનમાં ટાંકો બનાવી, વરસાદનું પાણી તેમાં ભરી રાખે તો છ સાત મહિના સુધી દરરોજ ૧૦ થી ૩૦ લીટર પીવાનું શુદ્ધ પાણી મળે અને આવું શુદ્ધ પાણી પીવાથી અનેક રોગમાંથી પણ બચી શકાય છે.

કિશન : બોરને રીચાર્જ કેવી રીતે કરી શકાય ?

મહેશ : અગાશી, છાપરાના પાણીને પી.વી.સી. પાઈપ દ્વારા ડંકીના બોરમાં ઉતારવું અને આનાથી બોરને નૂકસાન થતું નથી, માત્ર અને માત્ર લાભ જ થાય છે, શહેરોમાં પણ ફળીયા, રોડ વગેરે પાકા હોવાથી મોટાભાગનું પાણી બહાર વહી જાય છે, ત્યાં પણ વરસાદનું પાણી ભરાય ત્યાં એકસો વીસ ફૂટનો રીચાર્જીંગ બોર કરી ત્યાં બાજુમાં ખાડો કરી પાઈપ દ્વારા રીચાર્જીંગ બોર સાથે જોડી દેવાથી કયારેય પાણીની ખોટ પડતી નથી.

રાધા : મહેશભાઈ આ ચા બીજીવાર ગરમ કરીને લાવી.

મહેશ : અરે ભાભી પાણીનુંય પૂછયું નહી ને સીધી ચા જ આપી ?

રાધા : જો મહેશભાઈ, અમારા ગામમાં મેમાન આવે ને તો અમે કઈ છી કે બેને બદલે પાંચ દી રોકાવ, પણ નાવા ધોવાનું નામ લેતા નય.

કિશન : અને મહેશ તું ખેતરનું પાણી ખેતરમાં એવી વાત કરતો હતો તો એ શું છે ?

મહેશ : એના માટે સરકારે સુજલામ સુફલામ યોજના અમલમાં મૂકી છે.

રાધા : હે મહેશભાઈ આ સરકાર ઈ ભામણ છે તે સકલમ પકલમ કરે છે.

મહેશ : ભાભી, સકલમ પકલમ નહી, સુજલામ સુફલામ યોજના

કિશન : મહેશ, જો અમે રહયા ગામડાના સરકાર આવી યોજનાયું બાર પાડે પણ અમને એની ઝટ ખબર પડે નય, તુ કાંયક સમજાવ તો ઘડ પડે.

મહેશ : આ યોજનાને કિશાન જળસંચય યોજના એવું નામ આપ્યું છે તેમાં પંચાયત મારફત મંજૂરી લઈ ખેતતલાવડી બનાવી શકાય.

કિશન : આ કામ કયારે શરૂ કરવું અને કઈ રીતે કરવું ?

મહેશ : આ કામ મંજૂરી મળે એટલે ચાલુ કરી અઢી મહિને એટલે કે પંચોતેર દિવસે પૂરૂં કરવાનું રહે છે.

રાધા : એયને ઈ તો હું ને તમારા ભાઈ મંડાય પડશું, ને ખેતતલાવડી કરી નાખશું તૈયાર

મહેશ : ભાભી તમારે કે મારા ભાઈને એકલાને આ કાર્ય કરવાનું નથી, તેમાં તમે બીજાની સહાય પણ લઈ શકો, એના માટે સરકાર તમને અને કામે આવતાં માણસોને અનાજ સહાય આપે છે.

રાધા : તો મહેશભાઈ આ તો સારૂ સવારથ અને પરમારથ બેય થાય.

કિશન : મહેશ આ ખેતતલાવડીનું કંઈ માપ ખરું કે આપણી રીતે બનાવી શકાય ?

મહેશ : હા આ તલાવડીને ૧૦ મીટર પહોળી, ૧૦ મીટર લાંબી અને ૨ મીટર ઊંડી બનાવી શકાય પણ જો તમારે આનાથી મોટી બનાવવી હોય તો સરકાર તો જે માપ આપ્યું છે તેની જ સહાય ચૂકવે છે.

કિશન : ભલે ને કાઈ નો ચૂકવે તો પણ મે નકકી કરી નાખ્યુ છે કે આવી સરકારી યોજનાનો લાભ લઈશ. એયને તલાવડી પાણીથી ભરી હશે ઝાડવા લહેરાતા હશે.

મહેશ : અરે હા કિશન, તે ઠીક યાદ કરાવ્યું આ તળાવ લાંબો સમય ટકી રહે તે માટે પાકા બાંધકામવાળો બનાવવો અને આજુબાજુ વૃક્ષારોપણ જાતે કરવું.

કિશન : તે તો સરસ વાત કરી અમારી આંખ ઉઘાડી નાખી

મહેશ : જો કિશન આવી સરસ વાતો ખાલી સાંભળવાની નથી. અમલ કરવાનો છે. જો ગામમાં પાણીની સમસ્યા નહી હોય, ખેતીવાડી પાકથી લહેરાતી હોય તો કોઈ શે'રમાં જાવાનું નામ નઈ લે, અને એયને માબાપની હારે શાંતિથી રહી શકીશું, બાકી શે'રમાં ગાડીયુંના ધુમાડા સિવાય કંઈ નથી.

કિશન : મે તો ઘરનું પાણી ઘરમાં અને ખેતરનું પાણી ખેતરમાં રાખવાનું નકકી કરી લીધુ છે, તમે હજી વિચારો છો ? વિચારવાનો સમય નથી આ ચોમાસું માથે આવી ગયું છે ચાલો અભિયાનમાં જોડાઈએ.

રાધા : એ હાલો લ્યો તંઈ.........

## ❧ શીર્ષક : ઔષધબાગ નિર્માણ પ્રોજેક્ટ :

### ❧ પ્રસ્તાવના :

ઔષધબાગ અથવા બોટનીકલ ગાર્ડનનું નિર્માણ શાળાના સંકુલમાં કરી શકાય. પર્યાવરણ પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા શિક્ષક જવાબદારી સંભાળી રસપૂર્વક કામ કરતા આ કાર્ય સરળતાથી કરી શકે છે. અવરોધ અનેક આવે પરંતુ આગવી સૂઝથી રસ્તો મળી શકે છે. થોડી કામ કરવાની ધગશથી કામ હાથ ધરતા સારૂ પરિણામ મળે છે. કામ તો વિદ્યાર્થીઓએ જ કરવાનું હોય છે. માત્ર માર્ગદર્શન અને દિશા જ શિક્ષકે આપવાની હોય છે.

### ❧ હેતુઓ :

- ⇨ નૈસર્ગિક વાતારણ ઉભું કરવું.
- ⇨ પર્યાવરણના ગુણ સંક્રાંત કરવા.
- ⇨ ઔષધનું મૂલ્ય સમજવા.
- ⇨ સંઘ ભાવનાના ગુણ વિકાસ માટે.
- ⇨ અમુક પ્રકારની જરૂરિયાત પ્રાપ્ત કરવા.

### ❧ પ્રોજેક્ટનું શીર્ષક :

પ્રોજેકટનું શીર્ષક સામાન્ય રીતે પ્રોજેકટની ક્ષમતાના આધારે પણ નક્કી કરી શકાય તે મુજબની જવાબદારી જરૂરિયાત મુજબના વિદ્યાર્થીને સોંપી શકાય. દા.ત. ઔષધ – છોડ ૨૨, ૫૧, ૧૦૧, ૧૦૮, ૧૧૧ ....... કે તેથી વધુ ઉછેરવાના હોય તે મુજબ ઉદા. ૫૧ છોડ ઉછેરવા માટે આ શીર્ષક આપી શકાય. "૫૧–કુંડી ઔષધીય યજ્ઞ" કે "ઔષધબાગ સેતુ" શીર્ષક આપી શકાય.

### ૭ ગ્રુપ વિભાજન કામની સોંપણી તથા પ્રોજેક્ટનું અમલીકરણ :

પ્રોજેક્ટનું ગ્રુપ વિભાજન પ્રોજેક્ટની ક્ષમતા મુજબ જ કરવામાં આવે છે. જુદા જુદા ગ્રુપ બનાવવામાં આવે છે.

- ➪ એક ગ્રુપ કે જે ઔષધબાગ પ્રોજેક્ટનું સ્થળ નક્કી કરી અને ત્યાંની જમીન સમતલ કરી વધારાની વસ્તુ દૂર કરી છોડને રોપવાની જગ્યા ના સ્થાન કરી કરેલ છે.
- ➪ બીજા ગ્રુપને ખાડા ખોદવાનું કામ સોંપવામાં આવે છે.
- ➪ ત્રીજા ગ્રુપને માટી કામ કે કુદરતી ખાતર લાવવાનું કામ સોંપવામાં આવે છે.
- ➪ ચોથા ગ્રુપને કે જેને આજુ–બાજુના વિસ્તારમાંથી મળતી ઔષધીય વનસ્પતિ અથવા નજીકના વિસ્તારની નર્સરીમાંથી મળતી ઔષધ વનસ્પતિની યાદી તૈયાર કરવાનું તથા શાળા સુધી પહોંચતી કરવાનું કામ સોંપવામાં આવે છે.
- ➪ પાંચમા ગ્રુપને ઔષધબાગ સુધી પાણી પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપવી.
- ➪ છઠ્ઠા ગ્રુપને ડ્રોઈંગશીટ ઉપર ચોક્કસ યજ્ઞકુંડી જેવી આકૃતિઓ દોરી તેમાં વચ્ચે છોડનો નંબર, ઉપર વનસ્પતિનું નામ તથા નીચે વિદ્યાર્થીનું નામ લખી. કલર પેનના ઉપયોગથી સરસ ડીઝાઈન કરી સુશોભિત ચાર્ટ બનાવીને પ્રોજેક્ટ સ્થળ પર ચોંટાડવાની જવાબદારી સોંપવી.

અંતમાં, દરેક વિદ્યાર્થીને એક–એક છોડ સોંપી તેના જ હસ્તે તે છોડનું વૃક્ષારોપણ કરી તે છોડ ઉછેરવાની તમામ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે તેવું સમજાવવું.

### ૭ પ્રોજેક્ટ નિર્માણની મુશ્કેલી(મર્યાદા) અને ઉકેલ :

- ➪ શાળા સંકુલમાં જગ્યાની મર્યાદા હોય તેવા સંજોગોમાં નાના પ્રોજેક્ટ સ્વરૂપે નાના કદના છોડ પસંદ કરી સિમેન્ટ કૂંડામાં પણ આ પ્રોજેક્ટ અમલમાં મૂકી શકાય.
- ➪ શાળા સંકુલમાં પાણીનો પ્રશ્ન હોઈ શકે. તો કૂંડામાં ઉછરતા છોડને નહિંવત પાણીની જરૂરિયાત હોય તો તે પ્રતિ વિદ્યાર્થી ઘરેથી બોટલ ભરી લાવીને પણ કરશે. પાણીની અછત નિવારવા શુષ્કોદભિદ સમાનના છોડ પર પસંદગી દોરવી શકાય.
- ➪ આર્થિક બાબતની મુશ્કેલી દૂર કરવા શાળાના અન્ય ખર્ચ ઘટાડી, વિદ્યાર્થી પોકેટમની, સ્ટાફ ફંડ, તહેવારની ઉજવણી વખતેનું ફંડ, સ્થાનિક પર્યાવરણ પ્રેમી જનતા પાસે મેળવેલ ફંડ, સ્થાનિક સંસ્થાઓ દ્વારા કે પર્યાવરણીય સંબંધી સંસ્થા દ્વારા મળતાં ફંડનો

યોગ્ય ઉપયોગ કરી ફંડ મેળવી શકાય છે. સાથે સાથે પ્રોજેક્ટ દરમ્યાન બિનજરૂરી ખર્ચ ટાળવો એ બાબત ખાસ ધ્યાનમાં રાખવું.

➡ ઔષધબાગના રક્ષણ માટે ખાસ તો કમ્પાઉન્ડવોલ હોવી જરૂરી ગણાય. આમ છતાં કાંટાળીવાડથી પણ રક્ષી શકાય છે. ગ્રામજનોમાં હકારાત્મક વલણ અપનાવી અને સમજ આપીને અથવા કોઈ છોડને ઈજા પહોંચાડે કે નાશ કરે તો ફરી વાવવા તેમજ ઉછેરવા પ્રયાસ ચાલુ રાખતા અંતે સફળતા મળે છે.

➡ વેકેશન દરમ્યાન કાળજી લેવાનું મુશ્કેલી બને છે ત્યારે નજીકમાં રહેતાં વિદ્યાર્થી ઉપર ભાર મૂકી તેને સમજાવી બે – ચાર વખત પાણી મળી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

## *ઉપયોગિતા :*

➡ શાળા સંકુલની પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો થાય.

➡ બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની લાગણીનો ગુણ સંક્રાંત થાય છે.

➡ પ્રકૃતિના ખોળે બેસી બાળકો શિક્ષણ લઈ શકે છે.

➡ વનસ્પતિ સંબંધી દા.ત. પુષ્પ જેવા એકમનું પ્રત્યક્ષ જ્ઞાન આપી શકાય.

➡ બાળકોમાં સહકારની ભાવનાથી કામ કરવાની પ્રેરણા મળે છે.

➡ પ્રાર્થના કાર્યક્રમ, તહેવારની કે અન્ય કાર્યક્રમોની ઉજવણી વખતે પુષ્પ, પર્ણ, ફળ વગેરેની જરૂરિયાત પૂર્તિ આ પ્રકારના ગાર્ડનમાંથી થાય છે.

➡ વિવિધ ઔષધ વનસ્પતિ અને તેની ઉપયોગીતાથી વિદ્યાર્થીઓને પરિચિત કરી શકાય છે.

➡ સંપૂર્ણ નિર્માણ બાદ બીજી શાળાને આવા પ્રોજેક્ટ અમલીકરણની પ્રેરણા મળે છે.

➡ ઔષધ પ્રદર્શન કાર્યક્રમ દ્વારા ઔષધમૂલ્ય ગ્રામજનોને સમજાવી શકાય છે.

***"સૃષ્ટિનું સંગીત ને જીવનની સરવાણી,***
***આજ છે, દુનિયામાં વૃક્ષોની બલિહારી"***

***"એ ભાઈ આવજો, એક વૃક્ષ વાવજો"***

☸ ***ગાઈએ મધુરાં ગીત........***

પર્યાવરણને લગતાં ગીતો ઘણાં હોય છે. આસપાસ નજર દોડાવીએ કે મળી રહે છે. પરંતુ, અત્રે મૂકેલાં ગીતો વિશિષ્ટ છે. કારણ કે, તે શિક્ષકોએ પોતે રચેલા છે. તો, માણીએ આવા સ્વરચિત ગીતોને....

***૧) વૃક્ષગીત :***

***(રાગ : વાહ વાહ રામજી....... હમ આપકે હૈ કોન ? ફિલ્મ)***

વાહ વાહ રામજી વૃક્ષ કયા બનાયા ?
સભી જીવોને ઓકિસજન પાયા
દુનિયામે હમેં અચ્છી લગતી વૃક્ષો કી હરિયાલી .... વાહ
વૃક્ષ સે છાયા મિલે... પક્ષિયોં કો માલા મિલે,
વૃક્ષ સે વર્ષા હૈ, વર્ષા સે જીવન હે ........ (૨) વાહ ......
વૃક્ષ લકડી દેતા હૈ, વૃક્ષ રંગ ભી દેતા હૈ......
વૃક્ષ ઔષધ દેતા હૈ, વૃક્ષ આશ્રય દેતા હૈ, વાહ......
વૃક્ષ સે દોસ્તી રખો, વૃક્ષ સે નાતા રખો,
વૃક્ષ હી હમારા અચ્છા સાથી હૈ, વૃક્ષ હી હમારા સચ્ચા સાથી હૈ....
વાહ ......
જયાદા વૃક્ષ ઉગાઓ, જયાદા વર્ષા પાઓ,
હમારે દેશકો હરિયાલા બનાઓ..... વાહ ......
વૃક્ષ દેવથા થા, વૃક્ષ દેવતા હૈ,
વૃક્ષ હી હમારા દેવતા રહેગા ... (૨) વાહ ......

***રચના :*** ભારતીબેન ટી. વ્યાસ
કે. કે. કોટિયા પ્રા. શાળા
ખોડીયારનગર કોઠારીયા
રાજકોટ

***"વૃક્ષોના જયાં પગલાં પડે, ત્યાં હસતી રમતી ધરા જડે"***

## ૨)     *બાળગીત :*

*(રાગ : જોડકણા જેવો ..........)*

જલ્પા આવે, જાર લાવે
બંટી આવે, બાજરો લાવે
ચીન્ટુ આવે, ચોખા લાવે
જાર બાજરો ચોખા ચણવા
નાના મોટા પંખી આવે.......

મોન્ટુ આવે, માટલું લાવે
દિનુ આવે, દોરી લાવે
પિન્ટુ આવે, પરબ બનાવે
પરબમાં તો પાણી પીવા
નાના મોટા પંખી આવે.......

લીલી આવે, લીમડો વાવે
ખીમજી આવે, ખાતર લાવે
નીલી આવે, નીર લાવે
ડાળે બેસી આરામ કરવા
નાના મોટા પંખી આવે.......

પોપટ આવે, કાબર આવે
ચકલી આવે, કબુતર આવે
મોર આવે, ઢેલ લાવે
મુંગા મુંગા આશીષ આપવા
નાના – મોટા પંખી આવે........

***રચના*** : શૈલેષ જે. કાલરિયા ('દોસ્ત')
આચાર્યશ્રી ચકમપર પ્રા. શાળા

**"હશે જો વૃક્ષ વલ્કલ તો ધરતી બને લીલીછમ"**

***" વન ખીલે તો જગ ખીલે "***

### ૩) *શાકભાજી ગીત :*

*(રાગ : હેલો .........)*

એ શાકભાજીના રાજા, બટેટાજી તાજા

શક્કરિયાના દાદા, રાણી રીંગણાના જનેતા

મારો હેલો સાંભળો હો..... હો.... હોજી

એ કારેલાને કાકડી બેઉ ફરવાને જાય,

એક હતી કામણગારી બીજો મસ્તીખોર..... મારો હેલો......

ગણગણિયો ગુવાર કરે છે પોકાર

ભીંડી ભાજીના કાને ગયો અવાજ .........મારો હેલો......

એ.... ફૂલદાર ફૂલાવરને કોબીજ સંતાય જાય

વગદાર વાલોળ એની કરે રે જાણ ........મારો હેલો.......

એ.... રંગદાર રીંગણ રોજ ખીલ્યે જાય

એના ગુણોને સૌ જોતા રહી જાય .........મારો હેલો......

હે.... જુદા જુદા શાકની નવી નવી જાત

જાનદાર ટમેટાની શું કરું વાત ........... મારો હેલો ......

***રચના*** : કોઠારી નયનાબેન વી.
શ્રી પાંચ તલાવડા પ્રા. શાળા

**"એકવાર ધરતીના હૃદયમાં કવિતા સ્ફૂરી**
**ને તેણે આકાશમાં વૃક્ષ કૂંજો ઉભી કરી...**
**માણસે તેને પાડીને સફાચટ મેદાન કર્યુ**
**...... પોતાની શૂન્યતા કોતરી રાખવા માટે..."**

***"ભર બપોરે ભીષણ ગરમીમાં સુનકાર માનવતા રઝળે છે.***
***એક પંખી ટહુકે ત્યાં તો પરિસર આનંદથી ઉછળે."***

## ૪) પર્યાવરણ ગીત :

*(રાગ : રૂડીને રંગીલી ....... )*

આ વાવો રે વાવો રે રૂડા તમે ઝાડવા રે લોલ
આ સૃષ્ટિના શણગાર રૂડા તમે શોભાવજો રે લોલ .....
        લીલી કોમળ પાંદડી મારું મન મોહે જો
        નાની મારી શાળામાં સુંદર શોભી રહયા રે લોલ....
માનવ તમે લ્યોને આ વાત વિચારી જો
તરૂવર સરવેના દુઃખડા નિવારતા રે લોલ....
        પંખી એને પ્રેમથી કરે છે પોકાર જો
        મોરલા બોલે રે મધુરા ગાનમાં રે લોલ....
આપે ઈ તો મીઠાં મધુરા ફળ જો.
ધરતીની તરુએ સમૃદ્ધિ વધારી છે રે લોલ....
        તરૂવર શી છે મહાન સેવા તારી જો
        માનવ જીવન કાજે તું કલ્યાણકારી છો રે લોલ....
ઋષિ મુનિ હેતે પ્રીતે ગુણલા ગાય જો
પશુઓ પ્રેમથી એનું સેવન કરતાં રે લોલ....
        તારા ઉપકારોનો નહી પાર જો
        દાસ રે "પ્રેભુજી" રે વારે વારે વિનવે રે લોલ....

પ્રભુલાલ એ. ભોરણીયા
આચાર્ય, શ્રી નારણકા પ્રા. શાળા
તા.પડધરી, જિ.રાજકોટ

***"ધરતીમાનો એ જ પુકાર, વૃક્ષ વાવી કરો શણગાર"***
***"નીર વિના નર નિમાણા"***
***"વારિ તારા પર જાંઉ વારી ..... વારી"***

## ૫) શિયાળામાં :

બોલો બોલો શું શું ખાશો ? શિયાળામાં
વહેલા ઉઠી ઝટપટ ન્હાશો ? શિયાળામાં,
સુરત, દિલ્હી, મુંબઈ, પુના કે કલકતા,
બોલો કયાં કયાં ફરવા જાશો ? શિયાળામાં
મફલર, ટોપી, મોજા, સ્વેટર પ્હેરી લેજો,
એમા પાછા ના શરમાશો ! શિયાળામાં
રોજ સવારે વહેલા ઉઠી કસરત કરજો,
નહીંતર મિયા ફુસકી થાશો ! શિયાળામાં
વનવગડામાં બોરા વીણવા સાથે જાજો,
બોલો કયા કયા ગીતો ગાશો ? શિયાળામાં

**રચના** : રાજેશ મહેતા
સતાપર તાલુકા શાળા
તા.કોટડા સાં.

***"વૃક્ષ ધરા કા ભૂષણ, દૂર કરે પ્રદૂષણ"***

***"વૃક્ષ વાવી બનીએ વનમય, સૃષ્ટિ સાથે થઈએ તન્મય"***

***"જાતે નર્યા તે પહેલું સુખ, વૃક્ષ વિના નથી બીજું સુખ"***

***"મળશે વૃક્ષ મારા તમારા તો વન બને સહિયારા"***

***"જીવન એટલે જીવ તથા વનનો સંગમ"***

## ❁ ઈકો ક્લબ વાર્ષિક આયોજન :

| ક્રમ | માસ | કાર્યક્રમોની યાદી |
|---|---|---|
| ૧ | જૂન | ⇨ ઈકો ક્લબ રચના ⇨ પર્યાવરણ દિનની ઉજવણી ⇨ સ્વચ્છતા સમિતિની રચના ⇨ વોટસ યોર રાશિની સમજૂતી |
| ૨ | જુલાઈ | ⇨ વૃક્ષારોપણની પૂર્વ તૈયારી ⇨ વિશ્વ વસ્તી દિન–૧૧ જુલાઈ ઉજવણી ⇨ પ્રોજેક્ટ વર્ક ⇨ ગ્રામ સફાઈ ⇨ વિહગ વિશ્રાંતિગૃહ ⇨ વૃક્ષમિત્ર સંકલ્પના સમજૂતી |
| ૩ | ઓગષ્ટ | ⇨ વૃક્ષ ઉછેરની નવી પધ્ધતિઓ અંગે ચર્ચા ⇨ પેપરલેસ સ્કૂલ ⇨ ઈકો ક્લબ ⇨ કેન્ટીન ⇨ ટેરેસ / લોબી ગાર્ડન અમલીકરણ ⇨ બાલામૃત યોજના અમલીકરણ |
| ૪ | સપ્ટેમ્બર | ⇨ વન ભોજન ⇨ પૂર્વ તૈયારી સાથે પર્યટનમાં ⇨ વાડી ખેતરની મુલાકાત તથા પાકની ઓળખ ⇨ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિનની ઉજવણી (૧૬ સપ્ટેમ્બર) નિમિત્તે કાર્યક્રમો |
| ૫ | ઓક્ટોબર | ⇨ વન્ય પ્રાણી સપ્તાહ ⇨ પ્રાણી સંગ્રાહલયની મુલાકાત ⇨ વિશ્વ પ્રાણી દિન (૪ ઓકટો.) નિમિત્તે કાર્યક્રમ ⇨ વિશ્વ અન્ન દિન (૧૬ ઓકટો.) નિમિત્તે વિવિધ પકારના પાક તથા તેની ઉપયોગીતાનો વાર્તાલાપ / વકતૃત્વ સ્પર્ધા ⇨ પ્રાણીપોથી ⇨ તરૂવર સજે શણગાર |
| ૬ | નવેમ્બર | ⇨ પર્ણપોથી ⇨ પશુ પક્ષીના ચિત્ર સ્પર્ધા ⇨ પક્ષી દર્શન ⇨ ઈકો ક્લબ દ્વારા આર્થિક ઉપાર્જન ⇨ પ્રશ્ન મંચ ⇨ કલિક કરો પર્યાવરણ માણો. |

| | | |
|---|---|---|
| ૭ | ડિસેમ્બર | ⇨ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિનની (૧૪ ડિસે.) ઉજવણી ⇨ કિશાન દિનની ઉજવણી 'કિશાન જગતનો તાત' નિબંધ / વકતૃત્વ સ્પર્ધા ⇨ ઈકો કલબ પ્રચાર અને પ્રસાર કીટ બનાવવી |
| ૮ | જાન્યુઆરી | ⇨ અભયારણ્યની મુલાકાત ⇨ ઈકો ક્રીડોત્સવ |
| ૯ | ફેબ્રુઆરી | ⇨ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન (૨૮ ફેબ્રુ.) ની ઉજવણી ⇨ ઋતુ ગીત હરિફાઈ ⇨ સ્વ મૂલ્યાંકન ⇨ ચાલો, વ્યકત થઈએ ⇨ જાત સાથેની વાત<br>***નોંધ*** : ઈકો પ્રતિજ્ઞાપત્ર, પ્રકૃતિમાનું વૈદ્દ, ઈકો ક્રીડા વગેરે જેવી બાબતો જરૂરીયાત અનુસાર સતત ચાલુ રાખવી. |

☸ ***આપણી ઈકો કલબની પ્રવૃત્તિઓનો ખજાનો :***

પ્રતિવર્ષ ઈકો કલબની પ્રવૃત્તિઓમાં આપણે કંઈને કંઈ નાવિન્ય લાવીએ છીએ. પરંતુ એનો અર્થ એ નથી કે જૂની પ્રવૃત્તિઓને ભૂલી જવી. અગાઉથી જે પ્રવૃત્તિઓ કરતાં આવ્યા છીએ તે તો ચાલુ જ રાખવાની છે. કારણ કે, 'જૂનું તે સોનું' બરાબરને ? તો, આ મોડયુલની નવી પ્રવૃત્તિઓ સાથે આપણી અત્યાર સુધીની તમામ જૂની પ્રવૃત્તિઓના ખજાનાને યાદ કરી લઈએ અને અનુકૂળતાનુસાર તે પ્રવૃત્તિઓ પણ કરતાં જ રહીએ.

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા જિલ્લાની તમામ શાળાના શિક્ષકોને તાલીમબધ્ધ કરવામાં આવ્યા. દરેકની શાળામાં સાથેના ફોર્મમાં દર્શાવ્યા અનુસાર ઈકો કલબનું માળખું રચવામાં આવ્યું અને તમામ શાળાઓમાં ઈકો કલબ શરૂ કરવામાં આવી.

દરેક શાળાઓમાં પર્યારવણને લગતી પ્રવૃત્તિઓ કરવા માટે ઈકો કોર્નરની રચના કરવામાં આવી છે. ઈકો કલબના સભ્યોની નિયમિત રીતે મીટીંગ થાય છે. મીટીંગની મીનીટસબુક નિભાવવામાં આવે છે. તેમજ વૃક્ષારોપણ ઉપરાંત નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| 1 | અક્ષયપાત્ર, પક્ષીઓ માટેની પરબ | 2 | શાળા ઔષધબાગ, વૃક્ષારોપણ |
| 3 | સ્વચ્થ જમીનની રચના | 4 | પ્રવાસ – પર્યટન |
| 5 | અમૃતપાણી, કુદરતી ખાતર | 6 | પર્યાવરણલક્ષી નાટકો |
| 7 | પર્યાવરણલક્ષી રેલી | 8 | પર્યાવરણ સૂત્ર લેખન |
| 9 | પર્ણ પોથી | 10 | શોષખાડાની રચના |
| 11 | ચિત્ર સ્પર્ધા | 12 | પ્રાણી પોથી |
| 13 | વૃક્ષ પરિચય | 14 | અભયારણ્ય મુલાકાત |
| 15 | સરીસૃપ પરિચય | 16 | પક્ષી દર્શન |
| 17 | ઘન કચરાનો નિકાલ | 18 | પર્યાવરણલક્ષી વકતૃત્વ સ્પર્ધા |
| 19 | વ્યકિતગત સફાઈ પ્રત્યે સભાનતા | 20 | પર્યાવરણ દિનની ઉજવણી |
| 21 | વૃક્ષોની ગણતરી તથા નામકરણ | 22 | વૃક્ષોના તડ પર ચૂનો ગેરૂ લગાવવા |
| 23 | ઈંટોથી કયારા બનાવવા તેમજ ઈંટો રંગવી | 24 | વર્મીકમ્પોસ્ટ બનાવવું, અળસીયા બેંક |
| 25 | શાળા સફાઈ તથા સુશોભન | 26 | ગ્રામ સફાઈ |
| 27 | આયુર્વેદિક દવાઓની માહિતી | 28 | પર્યાવરણલક્ષી ચિત્ર સ્પર્ધા |
| 29 | પર્યાવરણલક્ષી નિબંધ સ્પર્ધા | 30 | પર્યાવરણલક્ષી કવીઝ |
| 31 | પાણી વપરાશનું માપન તથા પાણી બચત અભિયાન | 32 | વીજળી વપરાશનું માપન તથા પાણી બચત અભિયાન |

| | | | |
|---|---|---|---|
| 33 | પ્રાણી સંગ્રહાલયની મુલાકાત | 34 | પર્યાવરણલક્ષી ગીતોનો સંગ્રહ |
| 35 | આરોગ્ય કોર્નર | 36 | કચરા ટોપલીનું નિર્માણ |
| 37 | પ્રકૃતિ ગીતોનું ગાન | 38 | પ્લાસ્ટીક કચરાનો નિકાલ |
| 39 | સ્વચ્છતા સમિતિની રચના | 40 | પ્રકૃતિલક્ષી પુસ્તકો માટેની વાંચન શિબિર |
| 41 | ઔષધોને લગતો હસ્ત લિખિત અંક | 42 | પર્યાવરણલક્ષી પ્રોજેકટ વર્ક |
| 43 | ઈકો કલબ કેલેન્ડરની રચના | 44 | પ્રકૃતિ કાવ્ય લેખન હરિફાઈ |
| 45 | વૃક્ષોનું નામાંકન | 46 | વનભોજન |
| 47 | પ્લાસ્ટીકનો ઉપયોગ અને તેના દૂષણો અંગે વકતૃત્વ સ્પર્ધા | 48 | પ્લાસ્ટીકના ઉપયોયગની પર્યાવરણ પર થતી ઘાતક અસરો – નિબંધ સ્પર્ધા |
| 49 | પાણીની અછતનું નિવારણ | 50 | કમ્પોસ્ટ ખાડાની રચના |
| 51 | ગ્રામ સફાઈ | 52 | પર્યાવરણલક્ષી તોરણોની રચના અને તે દ્વારા વર્ગખંડ સુશોભન |
| 53 | ટપક સિંચાઈ પિયત પદ્ધતિઓ પ્રચાર | 54 | જન્મદિન તેમજ વિશિષ્ટ દિવસોની ઉજણવી |
| 55 | જાહેર સ્થળોની સ્વચ્છતા | 56 | પર્યાવરણ સંતુલન જાળવવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જન જાગૃતિ |
| 57 | શાળાની ટાંકીની સફાઈ | 58 | પક્ષીઓ માટે પાણીનું પરબ |
| 59 | શાળામાં શૌચાલય સંકુલની નિયમીત સફાઈ | 60 | વાડી ખેતર મુલાકાત |
| 61 | નીંદણકામ | 62 | વર્ગખંડદીઠ કચરા પેટી રાખવી. |
| 63 | વૃક્ષોની માવજત | 64 | પાણીના જાહેર નળ તથા રસ્તાનું સમારકામ |

65 કાગળ બચાવવા અંગેનું અભિયાન

66 ભોજનમાં રહેલા પોષક ઘટકોની જાણકારી

67 ઋતુગીતોની હરિફાઈ

68 ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી

69 પૃથ્વી દિનની ઉજવણી

70 માસિક આરોગ્ય તપાસણી

71 વન મહોત્સવ ઉજવણી

72 ગામના બગીચાની જાળવણી

73 ફેન્સીંગ કાર્ય

74 આંરતરાષ્ટ્રીય ઓઝોન દિનની ઉજવણી

75 વરસાદી પાણીના સંગ્રહ માટેનું આયોજન

76 વેસ્ટેજ પાણીનો યોગ્ય નિકાલ કરી તે દ્વારા ઔષધબાગ સિંચાઈ

77 ઈકો કલબ પ્રવૃત્તિ માટે સૌજન્ય દાતાઓની મુલાકાત

78 પર્યાવરણ જાગૃતિ માટે ગ્રામ સભાનું આયોજન

79 ઈકો કલબની ઓફિસની રચના

80 પર્યાવરણલક્ષી રંગપૂરણી હરિફાઈ

81 આરોગ્યપ્રદ ટેવો અંગે ચર્ચા સભા

82 પર્યાવરણલક્ષી ભીતસૂત્રોનું લેખન

83 ઈકો કલબ બેનરની રચના

84 ઈકો કોર્નર

85 કુદરતી જંતુનાશક દવા બનાવવી

86 લોક જાગૃતિના કાર્યક્રમો, પપેટ શો દ્વારા લોકજાગૃતિ

87 ઈકો વર્ષ ઉજવણી

88 ઈકો સીમ્બોલનો ઉપયોગ

89 પ્રકૃતિ દક્ષિણા

90 એક વ્યકિત એક છોડ

91 બાલામૃત યોજના

92 ઈકો કલબ દ્વારા આર્થિક ઉપાર્જન

93 'મને ઓળખો' પ્રદર્શન કાર્યક્રમ

94 જાદુઈ વનસ્પતિનું વાવેતર

95 પર્યાવરણ સૈનિક યોજના

96 બાળકોમાં દયા ભાવના જાગૃતિ

97 શાળાના વાતાવરણને સ્વાસ્થ્યવર્ધક અને સુગંધિત બનાવવું

98 ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈકો ક્લબ

## શું તમે જાણો છો ?

### એક વૃક્ષનું આર્થિક મૂલ્ય :

એક વૃક્ષનું આર્થિક મૂલ્ય ગણવું હોય તો બધી જ બાબતો ગણતા ૧૬ લાખ રૂપિયાનો ફાયદો એક વૃક્ષ દ્વારા લગભગ ૪૦ વર્ષે થાય છે.

વૃક્ષની ઉંમર ૫૦ વર્ષ, વજન ૫૦ ટન, લાકડાની કિંમત રૂ.૫૦૦૦/–

તેની પર્યાવરણની કિંમત :

- ⇨ પ્રાણવાયુ ઉત્પાદન કિંમત રૂ.૨૫૦૦૦૦/–
- ⇨ હવાના પ્રદૂષણનું નિયંત્રણ કિંમત રૂ.૫૦૦૦૦૦/–
- ⇨ જમીનના ધોવાણનું નિયંત્રણ રૂ.૨૫૦૦૦૦/–
- ⇨ પ્રાણી, પંખીનો આશ્રય રૂ. ૨૫૦૦૦૦/–
- ⇨ પ્રોટીન પરિવર્તન રૂ. ૨૦૦૦૦/–
- ⇨ ભેજનું નિયંત્રણ રૂ. ૩૦૦૦૦૦/–
- ⇨ ઝાડની અન્ય સેવાની કિંમત રૂ.૧૫૭૦૦૦૦/–

ઉપનિષદમાં કહ્યું છે કે,

| | | |
|---|---|---|
| ૧૦ કૂવા | = | ૧ તળાવ |
| ૧૦ તળાવ | = | ૧ સરોવર |
| ૧૦ સરોવર | = | ૧ પુત્ર |
| ૧૦ પુત્ર | = | ૧ વૃક્ષ |

## ❁ ગ્લોબલ વોર્મિંગની આપતિ સામે રક્ષણ આપતા વૃક્ષો :

| | |
|---|---|
| વડલો | પીપળો |
| ઉબરો | ખીજડો |
| લીમડો | સરલ |
| કદમ્બ | આંકડો |
| કરંજ | થોર |
| તુલસી | નગોડ |
| દેશી આંબલી | સરગવો |

દાતણ : આપણા આયુર્વેદિક ગ્રંથ ભાવપ્રકાશમાંથી જાણીએ તો કુલ ૨૯ વૃક્ષો એવા છે કે તેનું દાતણ કરી શકાય.

નીચેની વનસ્પતિ દાતણ તરીકે ઉપયોગ કરી શકાય છે.

| ક્રમ | વનસ્પતિનું નામ | પરિણામ – ફળ |
|---|---|---|
| 1 | આંકડો | શકિત પ્રદાન કરે છે. |
| 2 | વડ | શરીરમાં ક્રાંતિ આપે. |
| 3 | કરંજ | શત્રુ પર વિજય. |
| 4 | પીપળો | સંપત્તિ |
| 5 | બોરડી | મીઠો અવાજ |
| 6 | ખેર | મોઢામાં સુગંધ |
| 7 | બીલી | પુષ્કળ ધન |
| 8 | ઉમરો | વચન – સિધ્ધિ |
| 9 | આંબો | આરોગ્ય |
| 10 | કદંબ | દેવવાણી – શાસ્ત્રજ્ઞાન |
| 11 | અંઘેડી | ધૈર્ય અને બુદ્ધિ |
| 12 | શિરીષ | કિર્તી |
| 13 | કાસુન્દ્રો | સૌંદર્ય |
| 14 | પારિજાતક | ખરાબ સ્વપ્નનો નાશ |
| 15 | બાવળ | સુંપૂર્ણ મુખ શુદ્ધિ |
| 16 | લીમડો | પાયોરિયા મટાડે છે |

❧ જુદા જુદા દાતણનો સ્વાદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| કરંજ | – | તીખો | ખેર | – | તૂરો |
| લીમડો | – | કડવો | મહૂડો | – | મધુર |
| બાવળ | – | કડવો, તૂરો | | | |

– ભાવપ્રકાશમાંથી

વ્યાસ ભારતીબેન ટી.
કે.કે. કોટિચા સ્કુલ
ખોડીયારનગર કોઠારીયા

## ❁ સ્વ મૂલ્યાંકન પત્રક

(એ..... સાચું જ કહેજો હોં ? )

પ્રકૃતિ એ આપણી માતા છે. તેની સાથેનો આપણો નાતો કેવો છે તેનું દરેકે સ્વમૂલ્યાંકન કરવું જોઈએ, નીચે આપેલા વિધાનો અને તેના જવાબોમાંથી આપને જે એક જવાબ વધુ યોગ્ય લાગે તેની સામે (✓) ની નિશાની કરવી.

આપ.......

***(૧) વૃક્ષને કપાતા જુઓ છો ત્યારે ...........***

(બ) મનમાં દુઃખની લાગણી ઉદભવે છે. ( )
(ખ) વૃક્ષ કાપવાની 'ના' પાડી તેના ફાયદા વિશે સમજાવો છો . ( )
(હ) વૃક્ષ ન કપાય તે માટે બને તેટલા તમામ પ્રયત્નો કરો છો. ( )

***(૨) પતંગોત્સવ સમયે પંખીઓને અકારણ મરતા જોઈને ...........***

(બ) દુઃખ સાથે અન્યને આ બાબતથી વાકેફ કરો છો. ( )
(ખ) મરેલા પંખીને રસ્તા પરથી દૂર કરો છો. ( )
(હ) અધિકૃત અધિકારીને આ બાબતની તાત્કાલિક જાણ કરો છો. ( )

***(૩) અન્ય વ્યક્તિને પાણી બગાડતાં જુઓ છો ત્યારે ...........***

(બ) પાણીની અગત્યતા વિશે ટૂંકમાં સમજાવો છો . ( )
(ખ) પાણી બગડતું અટકાવો છો. ( )
(હ) જળસંચયથી થતાં ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપો છે. ( )

***(૪) વિના કારણ વીજળી વપરાતાં જુઓ ત્યારે...........***

(બ) ઓછી વીજળી વાપરવાનો અનુરોધ કરો છો. ( )
(ખ) તમે પોતે ઊભા થઈને જે તે વીજ ઉપકરણોની સ્વીચ ઓફ કરો છો. ( )
(હ) લોકજાગૃતિ અંગેની પ્રવૃત્તિ કરી વીજળીની બચત થાય તે માટેના પ્રયત્નો કરો છો. ( )

***(૫) રસોઈકામ દરમ્યાન ચૂલા દ્વારા પર્યાવરણને નુકશાન કરતાં ધુમાડાને જોઈને...........***

(બ) જે તે વ્યકિતને ઓછું બળતણ વાપરવાનો અનુરોધ કરો છો. ( )
(ખ) નિર્ધૂમ ચૂલો વાપરવાનો આગ્રહ કરો છો. ( )
(હ) સૌર ઊર્જાનો ઉપયોગ કરવા અંગેની સમજ આપો છો. ( )

***(૬) જાહેર સ્થળે ફરવા જાવ ત્યારે...........***

(બ) ગમે ત્યાં કચરો ઊડતો જોઈ તે અંગે નિંદા કરો છો. ( )
(ખ) કોઈને કચરો નીચે નાખતા જોઈને, તેમ કરતાં અટકાવો છો.( )
(હ) તમે જાતે આસપાસ પડેલો કચરો ઉપાડીને કચરા પેટીમાં નાખો છો. ( )

***(૭) જીવન જરૂરિયાતની વસ્તુઓ બજારમાં લેવા જાવ ત્યારે ...........***

(બ) વસ્તુઓ ભરવા માટે ઘરેથી કોઈપણ સાધન લીધા વગર જાવ છો. ( )
(ખ) પ્લાસ્ટીક બેગ લઈને જાવ છો. ( )
(હ) કાપડની થેલી લઈને જાવ છો. ( )

***(૮) બીજાને વૃક્ષ વાવતાં જુઓ ત્યારે ...........***

(બ) વૃક્ષ વાવનાર સારૂ કાર્ય કરે છે તેવું લાગે છે. ( )
(ખ) અન્યોને વૃક્ષ વાવવા માટેની પ્રેરણા આપવા જેવી ખરી તેવું લાગે છે. ( )
(હ) મારે પણ વૃક્ષ વાવવું જોઈએ તેવો વિચાર આવે છે. ( )

***(૯) તમે કે તમારા ઘરના કોઈ સભ્ય સાધારણ બીમાર પડે ત્યારે ...........***

(બ) તરત જ ડોકટરનો સંપર્ક કરી એલોપેથીક દવાઓ લો છો. ( )
(ખ) ઘરમાં પડેલી એન્ટીબાયોટીક દવાઓ લો છો. ( )
(હ) આજુબાજુ ઊગેલી ઔષધિયુકત વનસ્પતિઓ દ્વારા સારવાર કરો છો. ( )

***(૧૦) આપણી આસપાસ એકઠાં થતાં પ્લાસ્ટીકના ઘનકચરાને ...........***

(બ) અમુક સમયે સળગાવી દેવો જોઈએ. ( )
(ખ) જમીનમાં ઊંડે સુધી દાટી દેવો જોઈએ. ( )
(હ) એકઠો કરી રીસાઈકલીંગ માટે જવા દેવો જોઈએ. ( )

***(૧૧) ગણપતિ વિસર્જનની ઘટના સમયે ...........***

(બ) આનંદભેર તેમાં જોડાવ છો. ( )
(ખ) ગણપતિ વિસર્જન દ્વારા પર્યાવરણને થતાં નુકશાનથી લોકોને માહિતગાર કરો છો. ( )
(હ) ગણપતિ વિસર્જનના અન્ય બિનહાનીકારક માર્ગ બતાવો છો. ( )

***(૧૨) દિવાળીના પર્વ નિમિત્તે બાળકો ફટાકડા ફોડતા હોય ત્યારે ...........***

(બ) કાનમાં આંગળીઓ નાખી ચાલતા થાવ છો. ( )
(ખ) ત્યાં ઊભા રહીને તેમને યોગ્ય જગ્યાએ ફટાકડા ફોડવાની સલાહ આપો છો. ( )
(હ) ફટાકડામાંથી નીકળતા હાનીકારક વાયુઓ ફટાકડા દ્વારા થતાં અકસ્માતો વિશે સમજૂતી આપો છો. ( )

***(૧૩) જયારે પણ કોઈને પત્ર મોકલવાનો હોય ત્યારે ...........***

(બ) નવું કવર મંગાવી લો છો. ( )
(ખ) ઘરમાં પડેલા કોરા કાગળમાંથી કવર બનાવો છો. ( )
(હ) ઘરમાં આવેલા જૂના કવરની મરામત કરી તેને ફરીથી ઉપયોગમાં લો ( )

***(૧૪) જયારે નવરાશનો સમય કે રજાઓ હોય ત્યારે ...........***

(બ) પિકચર જોવા જવાનું પસંદ કરો છો. ( )
(ખ) મિત્રો સાથે બેસીને ટોળ–ટપ્પા કરો છો અને કયાંક ફરવા જવાની યોજના ઘડો છો. ( )
(હ) કુટુંબના સભ્યોને સાથે લઈને સુંદર પ્રાકૃતિક સ્થળે પહોંચી જાવ છો. ( )

***(૧૫) તમારી આસપાસ કોઈનો જન્મદિવસ ઊજવાય ત્યારે ...........***

(બ) બિસ્કિટ – પીપર – ચોકલેટ જે આપે તે આનંદથી ખાઈ લો છો. ( )
(ખ) જેનો જન્મદિવસ હોય તેને વૃક્ષ વાવવાની શીખ આપો છો. ( )
(હ) તમારા પ્રત્યેક જન્મદિને વૃક્ષ વાવી અન્યને તેમ કરવા માટે પ્રેરો છો. ( )

ઉપર આપેલા પ્રશ્નોના જવાબોમાં A=૨, B=૩, અને C=૫ માર્ક ગણી જો આપને

✓ ૨૯ કે તેથી નીચેના ગુણ આવે તો, આપ પ્રકૃતિરોચક છો.

✓ ૩૦ – ૩૭ ગુણ આવે તો, આપ પ્રકૃતિચાહક છો.

✓ ૩૮ – ૪૫ ગુણ આવે તો, આપ પ્રકૃતિ રક્ષક છો.

## પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણની જાળવણી માટેની ઈકો કલબની વિગત વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧

### જાત સાથેની વાત :

તાલુકો :
શાળાનો કોડ :

(૧) શાળાનું નામ :–..........................................................
(૨) સરનામું :– ..............................................................
(૩) પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરનું નામ :–.........................................
(૪) ઈકો કલબના સભ્યોની વિગત :–

| ક્રમ | હોદો | નામ |
|---|---|---|
| 1 | પ્રમુખ | |
| 2 | ઉપપ્રમુખ | |
| 3 | મંત્રી | |
| 4 | સહમંત્રી | |
| 5 | પ્રચારમંત્રી | |
| 6 | સભ્ય | |
| 7 | સભ્ય | |
| 8 | સભ્ય | |
| 9 | સભ્ય | |
| 10 | સભ્ય | |

(૫) ચાલુ વર્ષ અમલમાં મૂકવામાં આવેલી કઈ–કઈ પ્રવૃતિ શાળામાં હાથ ધરવામાં આવી છે ? વિગત આપો.
(૧)................................ (૨)................................
(૩)................................ (૪)................................
(૫)................................ (૬)................................
(૭)................................ (૮)................................

(૬) અગાઉના વર્ષથી ચાલુ હોય તેવી કઈ–કઈ પ્રવૃતિઓ આ વર્ષે પણ હાથ ધરવામાં આવે છે ?
(૧)................................ (૨)................................
(૩)................................ (૪)................................
(૫)................................ (૬)................................
(૭)................................ (૮)................................

(૭) તમને અને તમારા વિદ્યાર્થીઓને ઈકો કલબ અંતર્ગત કરવામાં આવેલી કંઈ પ્રવૃતિથી ખૂબ સંતોષ થયો તેવી પ્રવૃતિની વિગત આપો.
............................................................................
............................................................................

(૮) ભવિષ્યમાં ઈકો કલબ અંતર્ગત કંઈ નવી પ્રવૃતિ કરવામાં માગો છો ? તેની વિગત આપો.

http://crc4rmc.blogspot.in/

........................................................................
........................................................................

પ્રોજેકટ કો.ઓર્ડીનેટરની સહી　　　આચાર્યની સહી　　　સી.આર.સી.ની સહી

## *પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણની જાળવણી માટેની ઈકો કલબની વિગત*

## *વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧*

***ચાલો, વ્યકત થઈએ....***

***નોંધ*** : – આ ફોર્મ શાળામાં ઈકો કલબની પ્રવૃત્તિ ચલાવતાં શિક્ષક પાસે જ ભરાવવું અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૧ સુધીમાં ડાયેટને મોકલી આપવું.

(૧) શાળાનું નામ : ..........................................

(૨) ગામનું નામ :– ...................., (૩) તાલુકો :–....................

(૪) સીઆરસીનું નામ :–.........................

(૫) શાળાના ઈકો કલબ પ્રોજેકટ કો.ઓર્ડીનેટરની વિગત

- ✡ નામ :–................................., ✡ ફોન નં.:–....................
- ✡ હોદો :– શિક્ષક / વિદ્યાસહાયક / આચાર્ય　　✡ જ્ઞાતિ :– SC / ST / OBC / અન્ય
- ✡ અભ્યાસ :– પી.ટી.સી. / ગ્રેજયુએટ / ગ્રેજયુએશનથી આગળ / અન્ય
- ✡ શિક્ષણક્ષેત્રે અનુભવ :– ૫ વર્ષથી ઓછો / ૬ થી ૧૦ વર્ષ / ૧૦ વર્ષથી વધુ

(૧) શાળામાં ઈકો પ્રતિજ્ઞાપત્ર બોલાવવામાં આવે છે ? હા / ના

(૬) શાળા દ્વારા પત્ર વ્યવહારમાં ઈકો સીમ્બોલનો ઉપયોગ કરવામાં આવે છે ? હા / ના

(૭) ઈકો કલબ માટે ઈકો ઓફિસની રચના કરેલ છે ? હા / ના

(૮) ઈકો કલબ માટે મીનીટસબુક નિભાવો છો ? હા / ના

(૯) શાળા દ્વારા 'ટપક સિંચાઈ પધ્ધતિ' કે માટલા પધ્ધતિ જેવી ઓછા પાણીએ સિંચાઈની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. હા / ના

(૧૦) શાળા દ્વારા ચાલુ વર્ષે 'વિહગ વિશ્રાંતિગૃહ' યોજના અમલમાં મૂકેલ છે ? હા / ના

(૧૧) શાળામાં વૃક્ષમિત્ર સંકલ્પના અમલમાં મૂકવામાં આવેલ છે ? હા / ના

(૧૨) શાળા દ્વારા ચાલુ વર્ષે 'પ્રકૃતિ અન્નપ્રાશન' યોજના અમલમાં મૂકવામાં આવેલ છે ? હા / ના

(૧૩) શાળા દ્વારા ચાલુ વર્ષે 'પ્રકૃતિમાનું વૈદુ' અમલમાં મૂકવામાં આવેલ છે ? હા / ના

(૧૪) શાળા દ્વારા ચાલુ વર્ષે 'ટેરેસ / લોબી ગાર્ડન' યોજના અમલમાં મૂકવામાં આવેલ છે ? હા / ના

(૧૫) શાળામાં ઈકો ક્રીડા રમાડવામાં આવે છે ? હા / ના

(૧૬) શાળામાં આ વર્ષે પ્રવાસ – પર્યટન યોજવામાં આવેલ ? હા / ના

(૧૭) શાળા દ્વારા ચાલુ વર્ષે ઈકો કલબ અંતર્ગત કલીક કરો. પર્યાવરણ સમજો (ટેકનોલોજી) કાર્યક્રમ અમલમાં છે ? હા / ના

(૧૮) જો હા તો લાગુ પડતું વિગત સામે ☑ કરો

(૧) વેબસાઈટ ☐ (૨) સીડી / ડીવીડી નિદર્શન ☐ (૩) ફિલ્મ નિદર્શન ☐

(૧૯) શાળામાં પ્રોજેક્ટ કાર્ય હાથ ધરવામાં આવેલ છે ? હા / ના

(૨૦) જો હા તો શાળામાં કરાવેલા પ્રોજેક્ટની વિગત આપો.

(૧)................................ (૨)................................
(૩)................................ (૪)................................
(૫)................................ (૬)................................

(૨૧) શાળા દ્વારા ચાલુ વર્ષે 'પેપરલેસ સ્કૂલ યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે ? હા / ના

(૨૨) શાળામાં ચાલુ વર્ષે ઈકો કલબના કાર્યક્રમનું ડોકયુમેન્ટેશન કરવામાં આવેલ છે ? હા / ના

(૨૩) શાળા દ્વારા ઈકો કલબ અંતર્ગત પર્યાવરણ વિષયક લોકજાગૃતિ માટે કઈ કઈ પ્રવૃતિઓ કરવામાં આવી તેની વિગતો આપી.

(૧)................................ (૨)................................
(૩)................................ (૪)................................

(૨૪) અગાઉના વર્ષથી ચાલુ હોય અને ચાલુ વર્ષે પણ ચાલુ હોય તેવી પ્રવૃતિઓની વિગત આપો.

(૧)................................ (૨)................................
(૩)................................ (૪)................................
(૫)................................ (૬)................................
(૭)................................ (૮)................................
(૯)................................ (૧૦)................................
(૧૧)................................ (૧૨)................................
(૧૩)................................ (૧૪)................................

(૨૫) તમને અને તમારા વિદ્યાર્થીઓને ઈકો કલબ અંતર્ગત કરવામાં આવેલી કંઈ પ્રવૃતિથી ખૂબ સંતોષ થયો તેવી પ્રવૃતિની વિગત આપો.

..............................................................................
..............................................................................

(૨૬) ભવિષ્યમાં ઈકો કલબમાં કંઈ નવી પ્રવૃતિ કરવા માગો છો, તેની વિગત આપો.

..............................................................................
..............................................................................

શાળાના આચાર્યના સહી સિક્કા

## આવો, મળીએ આ મોડયુલના સર્જકોને......

| ક્રમ | નામ | શાળાનું નામ અને તાલુકો | સંપર્ક નંબર | આલેખન કરેલ મુદ્દાની વિગત |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1 | મકવાણા ક્રિષ્ના જગદીશભાઈ | શ્રી નવાગરિયા પ્રા. શાળા, તા.વાંકાનેર | 9428792802<br>9824227278 | વિહગ વિશ્રાંતિ ગૃહનિર્માણ યોજના |
| 2 | દુધાગરા રમા રણછોડભાઈ | પડધરી કુ. તા. શાળા, તા.પડધરી | 9725553800 | ગીત, સૂત્રો, વિહગવિશ્રાંતિગૃહ |
| 3 | વેકરીયા હંસાબેન વલ્લભભાઈ | શ્રી નવી પારડી પ્રા. શાળા, તા.લોધીકા | | ગીત સૂત્રો વગેરે |
| 4 | કોઠારી નયનાબેન વલ્લભભાઈ | શ્રી પાંચતલાવડા પ્રા.શાળા, તા.કોટડાસાં. | 9714060660 | ગીત સૂત્રો વગેરે |
| 5 | પટેલ પ્રજ્ઞાબેન શીવલાલ | તાલુકા શાળા નં.–૨, તા.મોરબી | 9925642396 | નવું ફોર્મ બનાવવું |
| 6 | પંડયા હંસાબેન શાંતિલાલ | ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.–૭૩ | 9427726904 | બન્ને ઈકો નાટક |
| 7 | કોરાટ ગીતાબેન વાલજીભાઈ | ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.–૬૪ | 9426529672 | પર્યાવરણ પ્રતિજ્ઞાપત્ર |
| 8 | કાસુન્દ્રા ચંદ્રિકાબેન રાઘવજીભાઈ | બેડી પ્રા. શાળા, તા.ટંકારા | 9998744055 | આરોગ્યવર્ધક સૂત્રો |
| 9 | પટેલ ઉમેશકુમાર ત્રિભોવનભાઈ | શ્રી રામનગર(ઝી) પ્રા.શા. તા. મોરબી | 9725405363 | ટેક્નોલોજી |
| 10 | માકડીયા નટવરલાલ વાઘજીભાઈ | તાલુકા શાળા નં.–૫, તા.ધોરાજી | | રમત, નાટકો, પ્રવૃત્તિ |
| 11 | વણકર જયેશભાઈ જીવાભાઈ | શ્રી દડવીકુમાર શાળા, તા.જામકંડોરણા | | નાટકો, પ્રવૃત્તિ |
| 12 | ધામી જીતેન્દ્રભાઈ હંસરાજભાઈ | શ્રી ઉજળા પ્રા.શાળા, તા.જામકંડોરણા | 9601250104 | |
| 13 | માકડીયા સુરેશચંદ્ર મગનલાલ | શ્રી કુમાર તા.શાળા, તા.ઉપલેટા | | |
| 14 | દેવમુરારી દિલીપભાઈ કાંતિદાસ | સુલતાનપુર તાલુકા શાળા, તા.ગોંડલ | 9879573220 | વૃક્ષ સુશોભન |
| 15 | હરણેશા ઘનશ્યામ મેઘજીભાઈ | શ્રી હરિપર પ્રા. શાળા, માળીયા મી. | 9978402898 | |
| 16 | મોઢવાડિયા વિજયભાઈ કારાભાઈ | શ્રી શાંતિનગર પ્રા.શાળા, તા.જસદણ | 9913746096 | પ્રવાસ દરમ્યાનની પ્રવૃત્તિ,ઈકોપ્રોજેક્ટ |
| 17 | ભટ્ટ જીતેન્દ્રભાઈ દલપતરામ | શ્રી ભાડેર પ્રા. શાળા, તા.ધોરાજી | | |
| 18 | ભોરણીયા પ્રભુલાલ અરજણભાઈ | શ્રી નારણકા પ્રા.શાળા, તા.પડધરી | 9428251618 | પર્યાવરણ ગીત, સૂત્રો |
| 19 | ઠુમ્મર ભાવિશા ત્રિકમભાઈ | ચિત્રાવાવ પ્રા.શાળા, તા.રાજકોટ | 9879836500 | ગીત,સૂત્રો,પેપરલેસ સ્કુલ |

| ક્રમ | નામ | શાળાનું નામ અને તાલુકો | સંપર્ક નંબર | આલેખન કરેલ મુદ્દાની વિગત |
|---|---|---|---|---|
| 20 | કણસાગરા પાર્વતીબેન ખીમજીભાઈ | ન.પ્રા.શિ.સ.શાળા નં.–૧૩, તા.જેતપુર | 9428465321 | |
| 21 | ડોડિયા ભૂમિકાબેન ભાયલાલ | શ્રી દેવગઢ પ્રા.શાળા, માળીયા | 9723101069 | વૃક્ષવંદના દિવસની ઊજવણી |
| 22 | ચીખલીયા હસમુખરાય દામોદારભાઈ | શ્રી મજેઠી પ્રા. શાળા, ઉપલેટા | 9898686793 | રમત, નાટકો, પ્રવૃત્તિ |
| 23 | મોરડિયા નાનજીભાઈ ભગવાનજીભાઈ | શ્રી જવાહર(ભ) પ્રા. શાળા, મોરબી | | રમત, નાટકો, પ્રવૃત્તિ |
| 24 | ત્રિવેદી અશોકકુમાર હિંમતલાલ | આચાર્ય શાળા નં. –૨૧, એમ.એસ.બી., જેતપુર | 9925183995 | ચિત્રાત્મક રજૂઆત |
| 25 | કાલરિયા શૈલેષકુમાર જેઠાલાલ | આચાર્ય ચકમપર પ્રા. શાળા, તા.મોરબી | 9825643623 | વૃક્ષ સુશોભન |
| 26 | મકવાણા અશોકભાઈ નંદલાલભાઈ | શ્રી વિઠ્ઠલપર પ્રા. શાળા, તા.વાંકાનેર | | |
| 27 | ટીબડીયા શૈલેષભાઈ ટપુભાઈ | હરમડિયા પ્રા. શાળા, તા.ગોંડલ | 9879190494 | ગૃહનિર્માણ યોજના |
| 28 | શીંગાળા ભાવેશભાઈ ઘેલાભાઈ | શ્રી વાજડીવડ પ્રા. શાળા, તા.લોધીકા | 9879567970 | પ્રકૃતિ અન્નપ્રાશન યોજના |
| 29 | ભુટક ભરતકુમાર ગિરધરભાઈ | શ્રી ન્યુ નવલખી પ્રા. શાળા, તા.માળીયા | 9879075604 | વૃક્ષવંદના દિવસ ઊજવણી |
| 30 | ગૌસ્વામી સુશીલાબેન કૈલાસગર | શિવરાજગઢ કુમાર શાળા, તા.ગોંડલ | | રમત / નાટક પ્રવૃતિ |
| 31 | કાનગડ રાજાભાઈ ભગવાનભાઈ | શ્રી સોળીયા પ્રા. શાળા, કોટડા સાં. | 9824842294 | |
| 32 | દવે દિનેશભાઈ ગૌરીશંકર | શ્રી રૂપાવટી પ્રા. શાળા, તા. તા.જેતપુર | 9925872504 | ચિત્રાત્મક રજૂઆત |
| 33 | સિંગલ સોમાભાઈ માધાભાઈ | શ્રી મેઘાવડ પ્રા. શાળા, તા.જેતપુર | | |
| 34 | પીઠડીયા વલ્લભભાઈ હીરજીભાઈ | શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રા. શાળા નં.–૮, રાજકોટ | | પ્રકૃતિ અન્નપ્રાશન યોજના |
| 35 | ઘેટિયા ધીરજલાલ મેઘજીભાઈ | શ્રી ઈસરા પ્રા. શાળા, તા.ઉપલેટા | | |
| 36 | વ્યાસ ભારતીબેન ત્રંબકભાઈ | શ્રી કે. કે. કોટિચા પ્રા. શાળા, તા.કોઠારિયા | 9898263203 | ગીત, સૂત્રો |

| | | | | |
|---|---|---|---|---|
| 37 | મેંદપરા લક્ષ્મણભાઈ બાવજીભાઈ | શ્રી અમરેલી પ્રા. શાળા, પડધરી | | |
| 38 | શાહ ભરતભાઈ ગુલાબચંદ્ર | શ્રી મોટાવડા પ્રા. શાળા, તા.લોધીકા | 9426986029 | |

| ક્રમ | નામ | શાળાનું નામ અને તાલુકો | સંપર્ક નંબર | આલેખન કરેલ મુદ્દાની વિગત |
|---|---|---|---|---|
| 39 | કાપડીયા ખોડીદાસ બેચરભાઈ | નાના પરબડી પ્રા. શાળા, તા.ધોરાજી | 9978727141 | પર્યાવરણ પ્રતિજ્ઞાપત્ર |
| 40 | પરમાર મહેશભાઈ જીવણભાઈ | વડાળી પ્રા.શાળા, તા.રાજકોટ | 9327530215 | રમત / નાટક |
| 41 | માઢક ગિરજાશંકર રૂગનાથભાઈ | શાળા નં.–૨૭, જેતપુર, એમ.એસ.બી. | 9427562414 | ચિત્રાત્મક રજૂઆત |
| 42 | ભાલાળા પ્રકાશભાઈ બાબુભાઈ | ઢોલરા પ્રા. શાળા, તા.લોધીકા | 9825804527 | તજજ્ઞ |
| 43 | ચૌહાણ હિરલબેન બાબુલાલ | વચલીઘોડી પ્રા. શાળા, તા.પડધરી | 9824879168 | તજજ્ઞ |
| 44 | બારૈયા મનિષભાઈ | નવી કલાવડી પ્રા. શાળા, તા.વાંકાનેર | 9979636508 | તજજ્ઞ |
| 45 | ભિમાણી રશ્મિબેન | ભંડારીયા કન્યા તા. શાળા, | 8000245896 | તજજ્ઞ |
| 46 | વ્યાસ નયનભાઈ | વેરાવળ (ભા.) પ્રા. શાળા, તા. જસદણ | | |
| 47 | ચૌહાણ ભાવેશભાઈ બી. | કોમ્પ્યુટરાઈઝેશન | 9723645063 | તજજ્ઞ |
| 48 | ચુડાસમા સંજયભાઈ એમ. | કોમ્પ્યુટરાઈઝેશન | 9909312859 | તજજ્ઞ |

***"લો મૂકો લાપસીના આંધણ ત્યારે,***
***એક માણસને ઝાડ વાવવાનું મન થયું."***

***"ગાઢી ગાઢી વનરાજી, જોઈ થાતા સૌ રાજી,***
***પશુ પંખીઓ વિહરે, તેમાં થઈ મનમોજી"***

## ❁ ઉપસંહાર :

ઈકો કલબની પ્રવૃતિઓ આપણને આપણી જાત સાથે, આપણાં મૂળ સાથે અને પ્રકૃતિના તત્વો સાથે જોડનારી પ્રવૃતિ છે, આથી જ જેમ બાળકોને ગીત, વાર્તા અને રમતો ખૂબ પ્રિય હોય છે તે જ રીતે તેમને ઈકો કલબની પ્રત્યેક પ્રવૃતિ ખૂબ ગમે છે. ખરૂ ને ? જયારે બાળકોને આ પ્રવૃતિઓ ખૂબ ગમે છે અને આપણે સમજીએ છીએ કે આ પ્રવૃતિઓ કરાવીએ પ્રકૃતિમાતાનું ઋણ ઉતારવા માટેની આપતી આંતરિક ફરજ છે. તો પછી કરાવવામાં શી વાર ?

મિત્રો, ઈકો કલબ અંતર્ગતની પ્રવૃતિઓ તો દરેક શાળાઓમાં ખૂબ થાય છે. પરંતુ મોટી મૂશ્કેલી એ છે કે તેનું ડોકયુમેન્ટેશન થતું નથી. આપણે જે પ્રવૃતિઓ કરાવીએ તેનું ખૂબ જ સારી રીતે ડોકયુમેન્ટેશન કરીએ. આ વર્ષથી એવી ટેવ પાડીએ કે આપણી પ્રવૃતિઓનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરીએ. એકવીસમી સદીની વાતો તો ખૂબ કરીએ છીએ, ટેકનોલોજીની વાતો પણ ખૂબ કરીએ છીએ. પરંતુ, તેને અમલમાં મૂકીએ તો આપણે એકવીસમી સદીમાં છીએ તેમ લાગે. તો, આ વર્ષે એક સંકલ્પ સાથે આપણી ઈકો કલબના કાર્યની શરૂઆત કરીએ કે હું જે કઈ કાર્ય કરીશ તેનું સુંદર ડોકયુમેન્ટેશન પણ કરીશ અને તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુધી પહોંચાડીશ. કારણ કે, 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીયે ને ગમતાનો કરીએ ગુલાલ' એ પંકિત અનુસાર સમગ્ર રાજયમાં આપણે આપણી નવીન પ્રવૃતિઓને પહોંચાડવા કે વહેંચવા માંગતા હોઈએ તો તે માટે ડોકયુમેન્ટેશન ખૂબ જ જરૂરી છે.

વિકસતી ટેકનોલોજીને લીધે દુનિયા આજે ખૂબ નાની થઈ ગઈ છે. તો જરૂરથી આપણે આપણું ડોકયુમેન્ટેશન ક્ષણ માત્રમાં ડાયેટને મોકલી શકીએ. તેથી જ જે કાંઈ કામ કરીએ તે કોમ્પ્યુટરમાં ***"ટેરા ફોન્ટ વરૂણ"*** માં કરીએ, ફોન્ટની ***સાઈઝ ૧૪ (ચૌદ)*** ની રાખીએ. ફોટોગ્રાફસની નીચે આ જ ફોન્ટમાં તમામ વિગતો મૂકીને uma.tanna@yahoo.co.in ના ઈ–મેઈલ એડ્રેસ પર ઈ–મેઈલ કરી દઈએ, અને ક્ષણ માત્રમાં આપણી અંતરંગ વાતને ડાયેટની ઈકો કલબનું કાર્ય કરતી ડબલ્યુ.ઈ. શાખા સુધી પહોંચાડી દઈએ તો કેવું ?

અને હા, શિક્ષકોમાં સ્વયંભૂ રીતે રચના અંગેના સંસ્કારો પડેલા હોય છે. આ મોડયુલમાં મૂકેલા તમારા જ સ્વરચિત ગીતો, નાટકો કે સૂત્રો એ તેની સાક્ષી પૂરે છે. તમને જયારે આવી કોઈ અંતઃ સ્ફૂરણા થાય અને તેમાંથી સુંદર સર્જન થાય ત્યારે તમારા સ્વરચિત ગીતો, હાઈકુ, વાઈડવોલ, વાર્તાઓ કે નાટકો, ચિત્રો જેવી કંઈ પણ સર્જનાત્મકતાને ઉપરના ફોન્ટમાં ઢાળીને ઈ–મેઈલથી ઊડતા મૂકી દો તરત જ તે અહી સુધી આવી પહોંચશે અને પછી ડાયેટની પવન પાવડી પર સજજ થઈને સમગ્ર રાજયમાં પહોંચી જશે. તો, થઈ જાવ શરૂ.

***"હો જાઓ તૈયાર સાથિયોં હો જાઓ તૈયાર***
***માઁ પ્રકૃતિ કે રક્ષણ હેતુ હો જાઓ તૈયાર***
***હો જાઓ તૈયાર.........."***